

જુનામાં જુનુ એટલે...
ઇબ્રાહીમભાઇનું
# ઝનકાર
બ્રાસ બેન્ડ
જેન્ટસ ગાયક કલાકાર સાથે બેન્ડ ડબલ ઘોડાની બગી મળશે
એક જ સરખો ૧૦૦ માણસોનો સ્ટાફ
ધાર્મિક તહેવારો માટે ૧૦ ટકાનું વળતર મળશે
સંપર્ક : મો.૯૯૨૫૪ ૬૪૪૬૭ / ૮૭૫૮૩ ૧૪૩૦૪
સરનામું :- ચાંદની ચોક, અમરેલી
અમારી કોઇ બીજી શાખા નથી



અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૧૭-૦૯-૨૦૨૪ મંગળવાર


# અવધ ટાઇમ્સ


AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સઃ ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,








તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ ભાદરવા સુદ ૧૪ વર્ષ : ૨૮ અંક ૩૩૮


## અમરેલી જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી.
''અમર ડેરી'' અમર ત્રિભેટો, ધારી રોડ - અમરેલી

ક્રમાંક/અમર/એડી/એમ.ડી./૬૮/૨૪-૨૫ તા.૧૫-૦૯-૨૦૨૪

### દુધ સંઘની વાર્ષિક સાધારણ સભાની તારીખમાં ફેરફાર કર્યાની જાણ સારૂ

અમરેલી જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. નાં શેર હોલ્ડર્સને તથા સુચિત દુધ મંડળીઓના પ્રાયોજકોને જાણ કરવામાં આવે છે કે, આ દુધ સંઘની ૨૨ મી વાર્ષિક સાધારણ સભા આગામી **તારીખ ૨૨-૦૯-૨૦૨૪ ને રવિવાર** ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે સેન્ટર ઓફ એક્સેલન્સ, ET/IVF લેબ, ધારી રોડ, અમરદાણ ફેકટરી સામે રાખેલ હતી. જે અનિવાર્ય સંજોગોના કારણે તારીખમાં ફેરફાર થયેલ છે **જે અંગેની નવી તારીખ ૨૧-૦૯-૨૦૨૪ ને શનિવારના રોજ સવારના ૧૦:૩૦ કલાકે** અગાઉ મોકલેલ એજન્ડા મુજબના સેન્ટર ઓફ એક્સેલન્સ, ET/IVF લેબ, ધારી રોડ, અમરદાણ ફેકટરી સામે મળશે જેની નોંધ લેવા વિનંતી.

સ્થળ : અમર ડેરી, અમરેલી.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સની સુચનાથી
ડો.આર.એસ.પટેલ - મેનેજીંગ ડિરેક્ટર
અમર ડેરી - અમરેલી

## ડોક્ટર હાઉસ અમરેલી ખાતે ત્રીજા સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ

**ડૉ. વિરલ વસાણી** (ન્યુરો સર્જન)
૯૦૯૯૫ ૫૫૭૪૭, તા.૧૯-૯-૨૪ ગુરૂવારે સવારે ૧૦:૦૦ થી ૧૨:૦૦

**ડૉ. ધ્રુવ દેસાઇ** (પિડીયાટ્રીક ગેસ્ટ્રોલોજીસ્ટ- હીપેટોલોજીસ્ટ)
૯૦૯૯૭ ૦૦૧૦૮, તા.૧૯-૯-૨૪ ગુરૂવારે સાંજે ૦૫:૦૦ થી ૦૭:૦૦

**ડૉ. દર્શન પટેલ** (હેડ એન્ડ નેક કેન્સર સર્જન)
૯૫૧૨૦ ૧૫૮૪૬, તા.૨૦-૯-૨૪ શુક્રવારે સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦

**ડૉ. હાર્દિક ધમસાણીયા** (ઓર્થોસ્કોપી, જોઇન્ટરીપ્લેસમેન્ટ સર્જન)
૯૫૧૨૦ ૧૫૮૪૬, તા.૨૦-૯-૨૪ શુક્રવારે સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦

**ડૉ. ઝલક શાહ ઉપાધ્યાય** (પેડયાટ્રીક એન્ડોક્રાઇનોલોજીસ્ટ)
૯૩૨૮૮ ૯૪૧૯૪, તા.૨૦-૯-૨૪ શુક્રવારે સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦

કાયમી કન્સલ્ટન્ટ ::-
ડો.ડી.એમ.ઉનડકટ (એમ.ડી.)
ડો.રૂચિતા જેઠવા (એમ.ડી)
ડો.આર.ડી.ઘોડાસરા (એમ.એસ.)
ડો.દ્રષ્ટિ પંડયા (બીપીટી - ફીજીયોથેરાપીસ્ટ)
(જુના દરેક રીપોર્ટ સાથે લઇને આવવા)

નામ નોંધાવવા માટે
ફોન : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨ - ૨૯૬૪૩૪

**અનંતા હોસ્પિટલ, નિકોલ-અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ**
ડો.ઉત્સવ ઉનડકટ (ઇન્ટરવેન્શનલ કાર્ડિઓલોજીસ્ટ) મો.૮૧૯૭૩ ૯૧૫૬૬
ડો.કોમલ વ્યાસ ઉનડકટ મો.૯૯૧૩૬ ૪૮૪૩૦
(ડી.એન.બી.-ગાયનેક,ઇન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ)






## અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ., અમરેલી
''ભોજલરામ ભવન'', રાજમહેલ રોડ, હેડ - ઓફિસ, અમરેલી ફોન નં.૦૨૭૯૨ - ૨૨૨૬૦૧
ઇ - મેઇલ : ho@ajmsbank.com વેબસાઇટ : www.ajmsbank.com

અજીમસ બેંક / એસ્ટા / ૨૧૨૨૪ / ૨૦૨૪-૨૫ તા.૦૬-૦૯-૨૦૨૪

### સુચનાપત્ર (રીવાઇઝડ)

અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ.ના શેર હોલ્ડર્સને આથી જાણ કરવામાં આવે છે કે, આ બેંકની ૧૧૪ મી વાર્ષિક સાધારણ સભા આગામી **તા.૨૧-૦૯-૨૦૨૪ ને શનિવારના રોજ સવારના ૧૦:૦૦ કલાકે અમરદાણ ફેકટરી સામે, CENTRE OF EXCELLENCE, (ET/IVF) લેબ, ધારી રોડ, અમરેલી મુકામે નીચેના કામો માટે મળશે.**

### -:: એજન્ડા ::-

૧. ગત **તા.૨૪-૦૯-૨૦૨૩** ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી નોંધ (પ્રોસીડિંગ્સ) વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૨. બેંકના **તા.૩૧-૦૩-૨૦૨૪** આખરનાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સે મંજુર રાખેલ નફા-નુકશાન ખાતાનો હિસાબ, સરવૈયુ અને વાર્ષિક અહેવાલ મંજુર રાખવા બાબત.
૩. બેંકના **સને.૨૦૨૩ - ૨૦૨૪** ના નાણાકીય વર્ષના ચોખ્ખા નફાની ફાળવણી બોર્ડ ઓફ ડિરેકટર્સે કરેલ ભલામણ મુજબ મંજુર કરવા બાબત.
૪. નાબાર્ડ દ્વારા બેંકના **સને.૨૦૨૨ - ૨૦૨૩** ના નાણાકીય વર્ષના કરવામાં આવેલ ઈન્સપેકશન અન્વયેનો ઈન્સપેકશન મેમો અને તેને લગત ઈન્સપેક્શન દુરસ્તી મેમો વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૫. બેંકના **સને. ૨૦૨૩-૨૦૨૪** ના નાણાકીય વર્ષનાં હિસાબોનું સ્ટેચ્યુટરી ઓડીટ શ્રી સંજીવ આર.દોશી, એસોસીએટ્સ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, રાજકોટ તરફથી થયેલનો સ્ટેચ્યુટરી ઓડીટ રીપોર્ટ અને તેને લગત સ્ટેચ્યુટરી દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૬. NG Techassurance Pvt. Ltd., Surat તરફથી **સને. ૨૦૨૨-૨૦૨૩** અને **સને. ૨૦૨૩-૨૦૨૪** ના નાણાકીય વર્ષનાં થયેલ Vulnerability Assessment & Penetration Testing (VAPT) નો ઓડીટ રીપોર્ટ અને તેને લગત ઓડીટ દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૭. NG Techassurance Pvt. Ltd., Surat તરફથી **સને. ૨૦૨૩-૨૦૨૪** ના નાણાકીય વર્ષનાં થયેલ GAP Assessment of Cyber Security Controls Report નો ઓડીટ રીપોર્ટ અને તેને લગત ઓડીટ દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૮. NG Techassurance Pvt. Ltd., Surat તરફથી **સને. ૨૦૨૩-૨૦૨૪** ના નાણાકીય વર્ષના થયેલ સીસ્ટમ ઓડીટનો (ઈલેકટ્રોનીક ડેટા પ્રોસેસીંગ) ઓડીટ રીપોર્ટ અને તેને લગત ઓડીટ દુરસ્તી રીપોર્ટ વંચાણે લઈ માન્ય રાખવા બાબત.
૯. બેંકની જુદી જુદી કમિટીઓ દ્વારા **તા.૦૧-૦૪-૨૦૨૩ થી તા.૩૧-૦૩-૨૦૨૪** સુધી કરાયેલી કામગીરીને બહાલી આપવા બાબત.
૧૦. બેંકની **તા.૨૬-૦૪-૨૦૨૪** ની બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મીટીંગના ઠરાવ નં.૭૯ થી પેટા નિયમમાં કરેલ સુધારાને બહાલી આપવા બાબત.
૧૧. મહેરબાન પ્રમુખશ્રીની મંજુરીથી પ્રમુખ સ્થાનેથી અન્ય જે કાંઇ રજુ થાય તે.

**નોંધ :-** (૧) બેંકના વ્યક્તિ સભાસદોના ડેલીગેટોની ચૂંટણી કરવા અંગેની મીટીંગ ઉપરોક્ત સ્થળે સાધારણ સભા અગાઉ **૦૯:૩૦** કલાકે મળશે જેમાં તમામ વ્યક્તિ સભાસદોને હાજર રહેવા ખાસ વિનંતી છે. (૨) બેંક સાથે જોડાયેલી સહકારી મંડળીઓને પોતાના પ્રતિનિધી બેંકની સાધારણ સભામાં હાજર રહી મત આપવા બદલનો ઠરાવ કરી બેંકને અગાઉ મોકલી આપવો તથા એક નકલ સભાના દિવસે સાથે લાવવી. (૩) **સને.૨૦૨૩ - ૨૦૨૪ ના વર્ષનો વાર્ષિક અહેવાલ અલગથી મોકલવામાં આવશે જેની નોંધ લેવી.**

-:: બપોરે ભોજનની વ્યવસ્થા રાખેલ છે ::-

બોર્ડ ઓફ ડિરેક્ટર્સની સુચનાથી
સ્થળ :- હેડ ઓફિસ, અમરેલી (બી.એસ.કોઠીયા) જનરલ મેનેજર (સી.ઇ.ઓ.)
તારીખ :- ૦૬-૦૯-૨૦૨૪ અ.જી.મ.સ.બેંક લી., અમરેલી

# ભાવભરી શ્રધ્ધાંજલી



**સ્વ.જીકારભાઇ ભગવાનભાઇ વાઘ (ઉ.વ.૬૮)**
સ્વ.તા.૧૫-૯-૨૦૨૪, મુ.રામપરા-૨, તા.રાજુલા,
યાદવ ટ્રાન્સપોર્ટ, પીપાવાવ પોર્ટ
પ્રમુખ : ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન, પીપાવાવ પોર્ટ
પુર્વ ઉપપ્રમુખ : અમરેલી જિલ્લા કોંગ્રેસ કમિટી



અંજલી આપતા શબ્દો ખુટે છે,
શ્રધ્ધાંજલી લખતા શબ્દો તુટે છે,
કુદરતના ખજાને ખોટ પડે છે,
ત્યારે માયાળુ માનવીના ખજાના લુટે છે,
આપનુ નિસ્વાર્થ પરોપકારી જીવન,
દરેક પ્રત્યેની અનહદ લાગણી
અમારાથી કદી ભૂલાશે નહિ.
ભગવાન શ્રી કૃષ્ણ પરમાત્મા આપના
દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..



લી.

અરજણભાઇ વાઘ - લાલાભાઇ વાઘ - બાબુભાઇ વાઘ
વિશાલભાઇ વાઘ - વાજસુરભાઇ વાઘ - ભુપતભાઇ વણઝર
બાલુભાઇ વાઘ - દેસુરભાઇ વાઘ - જીણાભાઇ પટાટ
શિવાભાઇ વાઘ - રાણાભાઇ વાઘ - શિવાભાઇ વણઝર
પ્રવિણભાઇ બાંભણિયા - લાખાભાઇ ખસિયા - હિતેશભાઇ બારોટ
અતુલભાઇ વાઘ - વિજયભાઇ વાઘ - નિતીનભાઇ બારોટ

**યાદવ ટ્રાન્સપોર્ટ સમગ્ર સ્ટાફના જયશ્રી કૃષ્ણ**
પીપાવાવ પોર્ટ ફોર વે રોડ, પીપાવાવ પોર્ટ, મુ.રામપરા - ૨, તા.રાજુલા, જી.અમરેલી

## સહકારી ક્ષેત્રે હંમેશા ખેડુતોનાં હિતની ચિંતા કરનાર

# ધારી પંથકનાં પીઢ આગેવાન શ્રી નરશીભાઇ દોંગાનું નિધન

**પીઢ આગેવાન શ્રી નરશીભાઇ દોંગાનું નિધન થતા સદ્‌ગતની સ્મશાન યાત્રામાં બહોળી સંખ્યામાં વિવિધ આગેવાનો અને વેપારીઓ જોડાયાં : શ્રધ્ધાંજલી અર્પણ**

**નાયબ દંડક શ્રી કૌશિક વેકરીયા, ઇફકોનાં ચેરમેન શ્રી દિલીપ સંઘાણી, ધારાસભ્યશ્રી જે.વી.કાકડીયા સહિત આગેવાનોએ શ્રધ્ધસુમન અર્પણ કર્યા**



ચલાલા,

ધારીતાલુકાનાંઅડીખમપીઢ ખેડુત આગેવાન શ્રી નરશીભાઇ જીવરાજભાઇ દોંગા ઉ.વ.૯૦નું તા.૧૫ રવિવારનાં રોજ સવારે મીઠાપુર ડુંગરી ખાતે ખુબજ ટુંકી બિમારીનાં કારણે અવસાન થતા સમસ્ત દોંગા પરિવાર સહિતગ્રામજનોઅનેરાજકીય,સામાજીક આગેવાનોમાંભારેદુઃખનીલાગણીવ્યાપી છે.

સદ્‌ગતશ્રીનરશીભાઇદોંગા ખુબ જ માયાળુ, સ્વમાની, પરોપકારી અને ધાર્મિક સ્વભાવનાં હતાં. તેઓ વૃક્ષારોપણ, સ્વચ્છતાનાં આગ્રહી હતાં. દોંગાપરિવારેઅનેખુબજમોટોચાહકવર્ગ છોડીનેજતાઆપંથકમાંશોકવ્યાપીગયો છે. જીંદગીનાં અંત સુધી ખાદી ગ્રહણ કરી ગાંધીવાદી અને સિધ્ધાંતવાદી જીવન જીવ્યાહતાં. તેઓદોંગાપરિવારનેખુબજ ચાહતા હતાં. સદ્‌ગતનું અવસાન થતા દોંગા પરિવારને નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિકભાઇ વેકરીયા, ઇફકોનાં ચેરમેન શ્રી દિલીપભાઇ સંઘાણી, ધારાસભ્યશ્રી જે.વી.કાકડીયા, સરપંચશ્રી ઉપેન્દ્રભાઇ વાળા, જિલ્લા સંઘનાં ચેરમેન જેન્તીભાઇ પાનસુરીયા, જિલ્લા બેંકનાં મેનેજર શ્રી કોઠીયા, ચલાલા પાલિકાનાં પુર્વ પ્રમુખ હિંમતભાઇ દોંગા, ચેમ્બરનાં પ્રમુખ મહેન્દ્રભાઇ સાદરાણી, વેપારીઆગેવાન શ્રી પ્રકાશભાઇ કારીયા, જિલ્લા બેન્કનાં રમેશભાઇ શીંગાળા, દલસુખભાઇ દુધાત, શંભુભાઇ વાડદોરીયા, ગુણુભાઇ ગજેરા, કાળુભાઇ ગજેરા, મનસુખભાઇ દોંગા, નારણભાઇ ભંડેરી, ધીરૂભાઇ કથીરીયા, ધીરૂભાઇ દેસાઇ, મગનભાઇ દોંગા, નાનજીભાઇ ઠુંમર, પરશોતમભાઇ દોંગા, નિવૃત પીઆઇ શ્રી મધુભાઇ વાળા, અનકભાઇ વાળા સહિત મોટી સંખ્યામાં આગેવાનો, સગાસ્નેહીઓએ દિલસોજી પાઠવી દુઃખમાં સહભાગી બની શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતાં. દુઃખમાં સહભાગી થવા બદલ શ્રી દિલીપભાઇ ઉંધાડ, ધીરૂભાઇ દોંગા, ભરતભાઇ દોંગા, કિશોરભાઇ દોંગા, મહેશભાઇ દોંગા, પ્રશાંતભાઇ દોંગા સહિત દોંગા પરિવારે આભારની લાગણી વ્યક્ત કરી હતી તેમ પ્રકાશભાઇ કારીયાએ જણાવ્યું છે.

## અમરેલીનાં વર્તમાન સંજોગો જોતા

# અમરેલીમાં ઉદ્યોગો ચલાવનારને પરમવીર ચક્ર એવોર્ડ આપવો પડે : ડો. કાનાબાર

**જીઆઇડીસીમાં બાંધકામોને કારણે ઘણી જગ્યાએ રોડ સાંકડો થઇ જતા અકસ્માતનો સતત ભય**



અમરેલી,અમરેલીનાં વર્તમાન સંજોગો જોતા ઉદ્યોગોચલાવનારનેપરમવીરચક્રઆપવોપડે તેમ જણાવી ભાજપ અગ્રણી ડો,ભરત કાનાબારે જણાવ્યું છે કે, રાજુલા, જાફરાબાદનાં દરિયા કાંઠાની સિમેન્ટ ફેક્ટરીઓને બાદ કરતા અમરેલી શહેરમાં આવેલજીઆઇડીસીસમગ્રજિલ્લામાંએકમાત્ર જીવતીબચેલઔદ્યોગીકવસાહતછેતેમાંતૈયાર થતાપ્રોડક્શનનેબહાર લઈ જવા માટે વર્ષોથી રેલ્વેટ્રેકનેસમાંતરજતોરસ્તોવપરાતોજેએક પ્રાઈવેટ ખુલ્લા પ્લોટમાંથી પસાર થતો. આ પ્લોટનીમાલિકીબદલાતાનવામાલિકોએઆ ખુલ્લા પ્લોટમાંથી વાહનોની અવર જવર અટકાવી દીધી છે. જીઆઈડીસી હૈયાતીમાં આવી ત્યાંરથી તેના નકશાઓમાં અંકિત ૧૮ મીટર પહોળો રોડ તેને હનુમાનપરામાં થઈ બાયપાસ પાસે જોડે છે. પણ આજે તે રસ્તા પર થયેલ બાંધકામોને કારણે રસ્તો ઘણી જગ્યાએ ખુબ સાંકળો થઈ ગયો છે. જેના પર મોટી ટ્રકો અનેમાલવાહનટ્રોલરોચલાવવાકઠીનછેઅને અકસ્માતનો સતત ભયરહે છે. કોઈપણ વ્યક્તિને હાથપગ બાંધી વહેતા પાણીનાં પ્રવાહમાંફેંકીદેવામાંઆવેતોતેનેતરતાઆવડુ હોય તો પણ ડુબી જાય. અમરેલી જીઆઈડીસીમાં ચાલતા નાના ઉદ્યોગો આજે આપરિસ્થતિમાંમુકાઈગયાછે. તેમાંથીતેમને ઉગારવાઅમરેલીનાંરાજકીયઆગેવાનોઅને જિલ્લાનુંવહીવટીતંત્રઆગળઆવેતેવીલોકોને અપેક્ષાહોવાનુંભાજપઆગેવાનડો.ભરતભાઇ કાનાબારે જણાવ્યું છે.

# ધારી ચલાલા પંથકમાં સેવા પખવાડીયુ ઉજવવા થનગનાટ



લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનાં જન્મદિવસ આજે તા.૧૭ થી ૨ જી ઓક્ટબર સુધી સેવા પખવાડીયા ઉજવવા માટે ધારી અને ચલાલા વિસ્તારમાં ભાજપ કાર્યકરોમાં ઉત્સાહ છવાયો છે. તેવી વિગતો ધારી, બગસરાનાં ધારાસભ્ય શ્રી જે.વી.કાકડીયાએ અવધ ટાઇમ્સને આપી હતી. ચલાલામાં શ્રી કાકડીયા સાથે ધારીનાં પુર્વ સરપંચ શ્રી જીતુભાઇ જોષી, શ્રી મુનાભાઇ પટ્ટણી, શ્રી અશ્વિનભાઇ કુંજડીયા, શ્રી મૃગેશભાઇ કોટડીયા, શ્રી વિનોદભાઇ ચોડવડીયા અને શ્રી હર્ષદભાઇ રાવલ વાઇસ ચેરમેન ધારી માર્કેટયાર્ડ સાથે જોડાયા હતાં તે તસવીરમાં નજરે પડે છે.

## સમગ્ર અમરેલી જિલ્લામાં બીજા નંબરનું સ્થાન ધરાવતી

# રાજુલા હોસ્પિટલ ભગવાન ભરોસે

**એક ડોક્ટર છેલ્લા પાંચ વર્ષથી બિનઅધિકૃત રીતે ગેરહાજર હોવાથી નોટીસ આપી છતા હાજર થતા નથી**



રાજુલા, (જયદેવ વરૂ)અમરેલીજિલ્લામાંબીજા નંબરનીહોસ્પિટલસારુંબિલ્ડીંગકરોડોરૂપિયા રાજયસરકારએનાખીદીધાપરંતુહાલડોક્ટરો નથીરાજુલાહોસ્પિટલમાંસુવિધાનેલઈરાજય સરકાર દ્વારા તમામ સુવિધાઓ આપવા આવી પરંતુ તેને ચલાવનારા મોટાભાગના ડોકટર સ્ટાફનીજગ્યાઓછેઅમરેલીજિલ્લાનીરાજુલા હોસ્પિટલ બીજા નંબરની હોસ્પિટલ છે પરંતુ દર્દીઓ સ્થાનિક લોકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે જેના કારણે વેપારીઓની માંગ સિવિલ હોસ્પિટલમાં પૂરતા સ્ટાફની જગ્યાઓ ભરવારાજયસરકારપાસેલોકોમાંગકરીરહ્યા છે. હોસ્પિટલમાંગાયનેકડોકટરક્ષમાબેનવ્યાસ તારીખ ૨૯/૦૫/૨૦૧૭થીરજાપરનહિપરંતુ હોસ્પિટલના છે હાજર થતા નથી ૨૦૨૦ કોરોના કાળ દરમ્યાન અવાર નવાર નોટિસો આપી હાજર થવા માટે અધિક નિયામક દ્વારા વાંરવાર નોટિસો આપી છતા હાજર થતા નથી તારીખ૦૧-૦૧-૨૦૨૪એગાયનેકક્ષમાબેન વ્યાસદ્વારાપોતાનુંરાજીનામુમોકલીઆપવામાં આવ્યુંહતુંપરંતુમંજુર કરવામાંઆવ્યુંનથી.

મોટાભાગની સિવિલ હોસ્પિટલમાં ડોકટરો

સ્ટાફની જગ્યા ખાલી

જનરલ સિવિલ હોસ્પિટલમાં ગાયનેકની ૪ જગ્યા છે સીએમ સેતુ અંતર્ગત ૧ ડોકટર અઠવાડિયામાં ૩ દિવસ માત્ર એક એક કલાક આવશે હાલ ચાર માંથી કોઈ નથી ૨૦૧૬થી સર્જનની જગ્યા ખાલી પીડિયાટીક બાળકની ૨ જગ્યા છે જેમાં ૧ હાજર થયા છે રેડીયોલોજીસ્ટ ૧ ખાલી જગ્યા,અધિક્ષકની જગ્યા ૨૦૨૨થી ખાલી હોવાને કારણે ઈન્ચાર્જથી છે, ૨૦૧૪થી આર.એમ.ઓ.ની જગ્યા ખાલી છે ઈન્ચાર્જથી ચલાવે છે,એનેથીસીયાની જગ્યા ખાલી છે,માનસિક રોગના ડોક્ટરની જગ્યા ખાલી છે,ઈ.એન.ટી.કાન અને ગળાના ડોકટરની જગ્યા ખાલી છે,આંખના ડોકટર નથી જગ્યા ખાલી,એકસરે ટેક્નિશનની જગ્યા ખાલી,વહીવટી અધિકારીની ૨ જગ્યા ખાલી ઈન્ચાર્જચલાવેછે,ચીફફાર્મસીની ૧, અને ૧૦૦ બેડનીહોસ્પિટલહોવાછતાંહજુસુધીસિક્યુરિટી ગાર્ડનીમેહકમ થયુંનથી,મેડિકલઓફિસર ૪ની જગ્યા છે તેમાં મેહકમ વધુ હોવું જોઈએ.

રાજુલા સિવિલ જનરલ હોસ્પિટલના ઈન્ચાર્જ અધિક્ષક હરેશ જેઠવાને પૂછતાં કહ્યું રાજુલા સરકારી જિલ્લાની બીજા નંબરની હોસ્પિટલ કહેવાય છે હાલમા કલાસ વનની જગ્યા મોટાભાગની ખાલી છે અત્યારે ભરાયેલી ગણીએતોપેથોલોજીસબાળકોનાઅને ઓથોપેડિકના સર્જન આ ત્રણે જગ્યા ભરાયેલી છે ગાયનેક વિભાગમાં ૩ જનરલમાં અને એક પીપીમાં ૪ જગ્યા છે ત્રણ જગ્યા ખાલી છે એક સીએમ સેતુમાં સરકાર દ્વારા નિમણૂક જિલ્લા માંથી છેજેમાંઅઠવાડિયામાં ૩ દિવસએકએક કલાક આવવાનું છે આવી રીતે ૧ ભરેલી છે પીપીયુનીજગ્યાછે ડોકટરક્ષમાબેન વ્યાસ છે જે ઘણા લાંબા સમયથી આશરે ૫ થી ૬ વર્ષ થી બીનધિકૃતરીતેગેરહાજરછેઅમેઅવાર નવાર લખીનેઆપ્યુંછેહેડ ઓફીસદ્વારાપણલખેલુંછે ઓફીસદ્વારાપણસ્ટ્રીકસૂચનાઆપીછેનોટિસો બજાવીછેઅગાવકોવિડમાંપણહાજરથવામાટે મેમોઆપવામાંઆપ્યાછેછતાંઆમેડમહાજર થયેલ નથી અને છેલ્લે ૫૦ થી ૫૫ વર્ષના હોય તેમાગેરહાજરરહેતાહોયતેવાનિવૃત્તિઆપવા માટેસરકારદ્વારામાહિતીમંગવામાંઆવીછેતે આવશે. રાજુલા ચેમ્બર ઓફ કોમર્સ વેપારી બકુલભાઈ વોરાએ જણાવ્યું હોસ્પિટલમાં ૭ વર્ષથી વિવિધ સ્પેશ્યલિસ્ટ ઘટ છે ખાસ કરી ગાયનેક વિભાગ, એક્સરે ટેક્નિસ વિભાગ ચોકીદાર પણ નથી માત્ર ૪ ડોક્ટરો જ છે અહીં ડોક્ટરનીઘટમુદ્દેભૂતકાળમાંપણઅમેરજૂઆતો કરવામાંઆવીછે અત્યારે પણ રજૂઆતો કરીએ છીએવહેલીતકે વિવિધજગ્યાઓખાલીછેખાસ કરી આરએમઓ અધિક્ષક વર્ષોથી ચાર્જમાં છે આ મૂળ જગ્યાઓ પુરાય અને ડોક્ટરની સંખ્યા વધેતોઆસુવિધાઓજળવાયરહેઅમેદર્દીઓને મુશ્કેલીઓ દૂર થાય.

## જિલ્લાના માર્ગોનું કોઇ ધણી ધોરી છે કે નહી ?

# નાની કુંડળ નજીક રાતોરાત ઉભા કરી દેવાયેલા બમ્પે બે બાળકોને ઉછાળ્યા

**જાહેર માર્ગ ઉપર કોઇ મંજુરી વગર બમ્પ ઉભા કરનાર ઉપર ગુનો દાખલ કરો : લોકમાંગણી**



નાની કુંડળ, (દિલીપ ભાલીયા) જિલ્લાના માર્ગોનું કોઈ ધણી ધોરી છે કે નહી ?તેવો સવાલ આજે બાબરા વિસ્તારમાં સર્જાયેલા માનવ સર્જીત અકસ્માતે કર્યો છે.બાબરાના નાની કુંડળ નજીક લીંબડીયારોડઉપરરાતોરાતઉભાકરીદેવાયેલા બમ્પે નાની કુંડળથી બાલ કપાવવા બાઈક ઉપર જઈરહેલાબેબાળકોનેઉછાળ્યાહતાઆઘટનાને પગલેભારેરોષછવાયોછેઅનેજાહેર માર્ગઉપર કોઈ મંજુર વગર બમ્પ ઉભા કરનાર ઉપર ગુનો દાખલકરોતેવીલોકમાંગણીઉભીથવાપામેલછે.

# ડીજીટલ ઇન્ડિયાનાં ડીબેટ પ્રવક્તા શ્રી શૈલેષ પરમારનો આજે જન્મદિન



અમરેલી, પ્રદેશ ભાજપ મીડિયા ટીમના સદસ્ય અને ડિબેટ પ્રવકતા શ્રી શૈલેષ પરમાર નો આજે ૪૯ મો જન્મ દિવસ તેઓ સાદાઈ થી જરૂરિયાતમંદ બાળકો સાથેઉજવશે. જિલ્લા ભાજપ અને પ્રદેશ ભાજપ માં પણ લાંબા સમય થી કાર્ય કરે છે. પંચાયત ક્ષેત્રે કામગીરી ના કારણે ગ્રામીણ જીવન ના પ્રશ્નો માટે સતત કામ કરતા રહ્યા છે શ્રી શૈલેષભાઈ ટીવી ડીબેટ માં સરકારની બાબતને ખૂબ અભ્યાસ વાત રજુ કરવામાં સફળ રહ્યા છે. જયારે વર્ષ ૨૦૧૭ માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડિજિટલ ઈન્ડિયા અને કેશલેસ એટલે કે રોકડ નાણાં નો ઉપીયોગ ના કરવાના અભિગમ ને સાર્થક કરવા શૈલેષ પરમારે પોતે વર્ષ ૨૦૧૭માં પૂર્ણ કેશલેસ રહેવાનું નક્કી કર્યું ત્યાર થી તેઓ 'કેશલેસ મેન'થી જાણીતા બન્યા ખુબ બહોળું મિત્રમંડળ ધરાવતા શ્રી શૈલેષ પરમાર ને મિત્ર વર્તુળ દ્વારા શુભેચ્છાઓ મળી રહી છે.

# સાવરકુંડલાના લુંટના ગુનામાં ચોરીના મુદામાલ સાથે પકડી પાડતી એલસીબી

અમરેલી,

સાવરકુંડલાડીવીઝનનામ.પો.શ્રીવલયવૈદ્યની રાહદબરી હેઠ઼ અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. શ્રી એ.એમ.પટેલ તથા સાવરકુંડલાપો.સ્ટે. પોલીસઈન્સ. શ્રી ડી. કે. વાઘેલાએ એલ.સી.બી. તથા સાવરકુંડલા ટાઉન પો.સ્ટે.ની ટીમો બનાવી, ઉપરોકત લુંટના ગુનાના આરોપી અરવિંદ સોમાભાઈ નગવાડીયાને બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આ ારે લુંટના મુદ્દામાલ તથા નફ્રા રેલ્વે પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચોરી થયેલ મોટર સાયકલ સાથે પકડી પાડી, લુંટ તેમજ મોટર સાયકલ ચોરીનો અનડીટેકટ ગુનો ડીટેકટ કરવામાં સફળતા મફેલ છે.

# રાજકોટ જેલમાંથી પેરોલ રજા ઉપર છુટી ફરાર થયેલ આરોપી ઝડપાયો

અમરેલી,અમરેલીએલ.સી.બી. પોલીસઈન્સ.શ્રીએ.એમ.પટેલનીરાહબરીહેઠળ એલ.સી.બી. ટીમ દ્વારા વિસાવદર પો.સ્ટે. (જિ.જુનાગઢ) ગુ.ર.નં. ૧૧૨૦૩૦૨૦૦૩૬૬/૨૦૨૦, આઈ.પી.સી. કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬ વિ. મુજબના ગુનાના કામે રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે પાકા કામના કેદી નામદાર ગુજરાત હાઈકોર્ટના હુકમ આધારે તા.૦૧/૦૮/૨૦૨૪ ના રોજ પેરોલ રજા ઉપર મુક્ત થયેલ હોય અને મજકુર કેદીને તા.૦૯/૦૮/૨૦૨૪ ના રોજ રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે હાજર થવાનું હતું પરંતુ તે જેલમાં હાજર થવાને બદલે ફરાર થઈ ગયેલ હોય, રાજેશભાઈ દડુભાઈ સોલંકીને બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે આજ રોજ તા.૧૬/૦૯/૨૦૨૪ ના રોજ પકડી પાડી, રાજકોટ મધ્યસ્થ જેલ હવાલે મોકલી આપેલ છે.

**-:: જાહેર નોટીસ ::-**

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસ આપી જાણ કરવામાં આવે છે કે, રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ- અમરેલીનાં સાવરકુંડલા તાલુકાનાં સાવર સામાપાદર ગામે મહુવા રોડ પર જનતાબાગ ની સામે આવેલ અમારી માલીકી કબજા ભોગવટાના સીટી સર્વે નં.-૪૮૮૮ વાળી જમીન ઉપર બાંધવામાં આવેલ શિવ ચેમ્બર નામે આવેલ શોપીંગ સેન્ટરના પહેલા માળે દુકાન નંગ-૨ જે પૈકી ઓફીસ નં.૧ કે જેમાં દક્ષિણ દિશા બાજુ એક શટર તથા ઓફીસ નં.૨ કે જેમાં દક્ષિણ દિશા બાજુ એક શટર આવેલ છે. જેનું ક્ષેત્રફળ કારપેટ એરીયા ચો.મી.આ.૩૬-૨૬ થાય છે. તે દુકાન શીતલબેન પંકજભાઈ પંડયા રહે.સુર્યોદય ચોક, સાવરકુંડલા વાળાની સ્વતંત્ર માલીકી અને કબજા ભોગવટા વાળી આવેલ છે, જે જમીન અમોનાં અસીલ શ્રી મયુરભાઈ નાનજીભાઈ પરમાર રહે. પારેખવાડી, સાવરકુંડલા, વાળા ખરીદ કરવા માંગે છે. ઉપરોકત દુકાન સબંધે કે તેના ટાઈટલ સબંધે કે તેના હકક સબંધે -કે-કોઈના વાંધા તકરાર હોય કે આ દુકાન ઊપર સરકારી, અર્ધ સરકારી,સહકારી, બેંકો, વેપારી પેઢી કે ખાનગી વ્યક્તીનુ કરજ કે બોજો કે આ દુકાન ઉપર ગીરો,બોજો કે કોઈપણ વ્યકિત, સંસ્થા, બેંક, પી.જી.વી.સી.એલ., કો.ઓપ. કે અન્ય કોઈપણનું બાકી લેણું હોય કે કોઈ હદ નિશાન સબંધે વાંધો કે તકરાર હોય કે કોઈનો ભરણ પોષણનો હકક હોય કે કબજા સબંધે કોઈ તકરાર હોય કે કોઈ બાનાખત હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિવસ દસમાં અમોના નીચેના સરનામે રજીસ્ટર એ.ડી. મારફતે લેખીતમાં વાંધો રજુ કરવો, જો કોઈપણનો સમય મર્યાદામાં વાંધો રજુ નહી થાય તો ઉપરોકત વર્ણવેલી દુકાન ટાઈટલ કલીયર હોવાનું માનવાને કારણ રહેશે, અને અમોના અસીલ શુધ્ધબુદ્ધિથી દુકાન ખરીદશે અને નીયમાનુસાર આ દુકાનનો પાકો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ કરી લેશે અને દુકાન તેમના નામે કરી લેશે. જેની તમામ લાગતા વળગતાઓએ નોંધ લેવી.

ઓફીસ :-
ચંદ્રદીપભાઇ પી.ખુમાણ (B.A LLB)
હરીકૃષ્ણ કોમ્પલેક્ષ, મામલતદાર ઓફીસ પાસે,
મહુવા રોડ, સાવરકુંડલા, જીલ્લો : અમરેલી
મો.નં.૮૧૫૫૮ ૩૦૭૭૩

ચંદ્રદીપભાઇ પી.ખુમાણ
એડવોકેટ (B.A LLB)


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
૬૫,૮૫૦/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૧૬-૦૯-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઇવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬.

ખરજવાની જળો દ્વારા અપાતી અકસીર સારવાર
સુકા, તથા લીલા ખરજવા, ધાધર, શીળસ, ખુજલી, ખસ, લોહી, ગંઠાઈ જવું પાકી ગયેલ રસોળી, ગડગુમડ, સફેદ ડાઘ, સોરાયસીસ, સાંધાનો-વાનો માથાનો દુઃખાવો, ખીલ, વાઢીયા, કરોળીયા, હર્પીસ, હરસ-મસા-ભગંદર, જેવા હઠીલા રોગોના જળો દ્વારા ખરાબ લોહી ચુસીને 100% મટાડી શકાય છે.
કૈલાશ કલીનીક
જળો દ્વારા કુદરતી ઉપચાર કેન્દ્ર
ડો. એલ.એલ. બાવળીયા B.A.M.S., M.D. (H.M.) મો. ૯૪૨૬૪ ૨૧૯૨૨
ડો. ભરત એલ. બાવળીયા B.A.S.M., M.D. (H.M.) મો. ૯૪૨૮૪ ૬૯૮૪૬
હનુમાન પરા રોડ, મોહન નગર, અમરેલી. ફોન :- (૦૨૭૯૨) ૨૩૨૫૭૫

અમરેલીનું ગૌરવ હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

FASTag Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથમંદિરપાસે, નાગનાથકોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

બે માળનું મકાન વેચવાનું છે
રેલ્વે સ્ટેશન સામે, જીવન મુક્તેશ્વર મંદિર પાસે, સરદાર પટેલ સોસાયટી, અમરેલી
ચાર વસા જમીનમાં, ૨૦૦ ફુટનો દાર, ગેસ કનેકશન સહિત સંપુર્ણ સગવડતા ધરાવતુ બે માળનું મોકાનું મકાન કસમાં વેચવાનું છે
સંપર્ક :- મો. ૯૪૨૯૪ ૧૫૯૮૫

બેસણું, પાણીઢોળ, મુર્તિ પ્રતિષ્ઠા, ઉત્સવો, સ્નેહમિલન, લગ્ન કે અન્ય સમારોહ
વખતે અમોને આમંત્રિત કરશોજી.
આંખો માટે ના કુદરતી ઉપાયો બતાવી સૌને ખુબ જ લાભપ્રદ
આંખો ના આયુર્વેદિક ટીપા
નિઃશુલ્ક આંજી આપીએ છીએ. આ ટીપાથી ચશ્મા, મોતીયો, વેલ, છારી વિ.માં તરત રાહત મળે છે
વિનુભાઇ છાશવાળા મો.૯૪૨૭૪ ૨૯૨૬૧
મો.૯૫૫૮૩ ૭૦૪૯૨, ૯૬૬૨૭ ૮૫૦૨૨

### ત્રીજી વખત વડાપ્રધાન બન્યા પછી પહેલી જ મુલાકાતમાં શ્રી નરેન્દ્ર મોદીએ રૂ. ૮૦૦૦ કરોડથી વધુનાં વિકાસકાર્યોની રાજ્યને ભેટ આપી

# દેશ માટે જીવીશ અને દેશ માટે ખપી જઈશ : શ્રી નરેન્દ્ર મોદી

## હું સરદારની ભૂમિમાંથી પેદા થયો છું, ૧૪૦ કરોડ ભારતવાસીઓના આશીર્વાદ મારા માટે સર્વસ્વ : કલ્ચરથી એગ્રિકલ્ચર સુધી વિશ્વભરમાં ભારતની ધૂમ મચી છે : શ્રી મોદી

## શ્રીમોદીના નેતૃત્વમાં દુનિયાની સૌથી મોટી હાઉસિંગ યોજના દેશમાં કાર્યરત, ગુજરાતમાં આજે આવાસ, ઊર્જા, આવાગમન, વિવિધ વિકાસના પ્રકલ્પોનું લોકાર્પણ : મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ



અમરેલી,

સતત ત્રીજી વખત વડાપ્રધાન તરીકે દેશનું સુકાન સંભાળ્યા પછી પહેલી વાર ગુજરાતના ત્રિ-દિવસીય પ્રવાસે પધારેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે રૂ. ૮૦૦૦ કરોડથી વધારેનાં વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. અમદાવાદમાં જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે આયોજિત 'વિકસિત ભારત, વિકસિત ગુજરાત' સમારંભ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની ગરિમાપૂર્ણ ઉપસ્થિતિમાં યોજાયો હતો, જેમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય મંત્રી તથા ભાજપ પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર. પાટીલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે, ત્રીજીવાર વડાપ્રધાનના શપથ લીધા બાદ પ્રથમવાર ગુજરાત આવ્યો છું. ગુજરાત મારી જન્મભૂમિ છે. ગુજરાતે જીવનની દરેક શીખ મને આપી છે અને ગુજરાતનાં દરેક નાગરિકોએ હંમેશાં મારા પર પ્રેમ વરસાવ્યો છે. ગુજરાતમાં આવીને હર હંમેશની જેમ નવી ઊર્જા મળી છે, અને મારા જોમ તથા જુસ્સો પણ વધ્યો છે.

વધુમાં વાત કરતા વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, હું સરદારની ભૂમિમાંથી પેદા થયો છું, દરેક મજાક-અપમાન સહન કરતાં કરતાં ૧૦૦ દિવસ મેં દેશહિત માટે અને જનકલ્યાણલક્ષી નીતિ-નિર્ણયો માટે વિતાવ્યા છે. ભારતની શાન વધારવાના અને દરેક ભારતીયને સન્માનપૂર્વકનું જીવન આપવાના ઉદેશ સાથે કેન્દ્ર સરકાર સતત નવી ઉર્જા અને નવી ચેતના સાથે કાર્યરત રહેશે. દેશ માટે જીવીશ, ઝઝૂમીશ અને દેશ માટે ખપી જઈશ. ૧૪૦ કરોડ ભારતવાસીઓના આશીર્વાદ મારા માટે સર્વસ્વ છે, એમ તેમણે ઉમેર્યું હતું. વિકસિત ભારત વિકસિત ગુજરાત સમારંભમાં સ્વાગત પ્રવચન કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈએ આજે ગુજરાતને રૂ. ૮૦૦૦ કરોડથી વધુના વિકાસ લાભ ગુજરાતને આપ્યા છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં વિશ્વની સૌથી મોટી એફોર્ડેબલ હાઉસિંગ યોજના દેશમાં કાર્યરત કરાઈ છે.

### વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદાના જન્મદિવસ નિમિત્તે

# અમરેલી જિલ્લામાં ભાજપ તા. ૧૭ થી ૦૨ ઓક્ટોબર સુધી સેવા પખવાડા ઉજવશે

### અનેક સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે : તૈયારીઓને અમરેલીમાં જિલ્લા ભાજપ કાર્યાલયે બેઠકમાં આખરી ઓપ અપાયો



અમરેલી, અમરેલી જિલ્લા ભાજપ દ્વારા શ્રી નરેન્દ્રભાઈ મોદી ના જન્મદિવસ નિમિત્તે તા.૧૭થી૦૨ ઓક્ટોબર સુધી સેવાપખવાડા તરીકે અનેક સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આ પખવાડા દરમ્યાન જીલ્લા/મહાનગરોમાં રક્તદાન શિબિરનું, શાળા અને હોસ્પિટલના પરિસરમાં સ્વચ્છતા અભિયાન, મતવિસ્તારોમાં ૬૦ વર્ષથી વધુ વયની મહિલાઓ માટે નિઃશુલ્ક હેલ્થ સ્ક્રિનિંગ, વૃક્ષારોપણ 'એક પેડ માં કે નામ' કાર્યક્રમ જેવા વિવિધ સેવાકીય કાર્યક્રમો યોજાશે. આ દરમ્યાન તા.૨૫ સપ્ટેમ્બર પંડિત દીનદયાળજીની જન્મજયંતી તેમજ તા.૦૨ ઓક્ટોબર મહાત્મા ગાંધી જયંતિ નિમિત્તે વિવિધ સેવાકીય કાર્યક્રમો યોજાશે.

આ આયોજન માટે આજે જિલ્લા ભાજપ કાર્યાલય ખાતે યોજાયેલી સંગઠનની બેઠકમાં શ્રી કૌશિક વેકરીયા, શ્રી જેવી કાકડીયા, શ્રી જનક તળાવિયા, શ્રી ભુપેન્દ્રભાઈ બસિયા, શ્રી પીઠાભાઈ નકુમ, શ્રી મેહુલ ધોરાજીયા સહિતના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેલ હતા. તેમ શ્રી જીતુભાઈ જોષીએ જણાવ્યું હતું.

## બગસરા અવધ ટાઈમ્સના રિપોર્ટર કાળુ રૂપારેલીયાનો આજે જન્મદિવસ



બગસરા, (રૂપેશ રૂપારેલીયા)

બગસરા અવધ ટાઈમ્સના રિપોર્ટર કાળુ રૂપારેલીયાનો આજે જન્મ દિવસછે ત્યારે મિત્રો વર્તુળ જન્મદિનની શુભેચ્છાઓ પાઠવસે કાળુ રૂપારેલીયાની સેવાકીયપ્રવુતિ ઉપર નજર કરીયેતો બગસરા ચેમ્બર ઓફ કોમર્સમાં સભ્ય રહીને ચેમ્બરના તમામ સભ્યો અને હોદેદારોને સાથે રાખી બગસરાના વેપારીઓના પ્રાણ પ્રશ્નોને વાચા અપાવવા પ્રયત્નો કરેલ તેમજ અમરેલીથી પ્રસિદ્ધ થતું અવધ ટાઈમ્સ ડેઈલી ન્યુઝપેપરના માધ્યમથી બગસરા તેમજ બગસરા તાલુકાના છેવાડાના પ્રાણ પ્રશ્નોને અવધ માધ્યમથી સરકારશ્રી સુધી પહોંચાડી વાચા આપેલ તેમજ રઘુવંશી સમાજનાના કોઈપણ પ્રસંગો હોય તેમાં ખડે પગે સેવાકીય યોગદાન આપેલ તેમજ બગસરાના વૃદ્ધ લોકો હયાતીના સર્ટિ માટે ધક્કા ખાઈ રહ્યા ત્યારે વૃધોની વહારે આવી સર્ટિ કઢાવી આપેલ તેમજ બગસરા શહેરના રસ્તાઓ બિસ્માર હાલતને લીધે વેપારીઓ વાહનચાલકો તેમજ રાહદારીઓ ત્રાહિમામ થઈ હતા છતાં તંત્ર દ્વારા રસ્તાઓની મરામત કરવામાં નહોતી કરતી ત્યારે બગસરા ચેમ્બર ઓફ કોમર્સના હોદા ઉપરથી તેમજ સભ્ય પદ ઉપરથી સાથી મિત્રો સાથે રાજીનામું આપીને બગસરાના વેપારીઓ સાથે રહીને સામાજિક કાર્યકર બની ઉભો રહેલ.


## સંકુલ સ્કૂલ બસ વેચવાની છે.

| કંપની-મોડેલ | બસ નંબર | સીટીંગ-કેપેસીટી | ખરીદી વર્ષ | ઓનર |
|---|---|---|---|---|
| TATA Skool LPO 9.6T/52 | GJ-14-X-1203 | 46 + 1 | 22/06/2015 | 01 |
| TATA Skool LPO 9.6T/52 | GJ-14-X-1408 | 46 + 1 | 22/06/2015 | 01 |
| TATA School Bus | GJ-14-T-0552 | 16 + 1 | 19/07/2006 | 01 |

★ ઉપરોક્ત ત્રણેય બસ સંસ્થાની માલીકીની છે. ત્રણેય બસ તદ્દન ઓછી ચાલેલ તથા સારી કંડીશન માં છે

★ ત્રણેય બસ સંસ્થા એ વેચવાની હોય તા. ૧૮/૦૯/૨૦૨૪ થી ૦૩/૧૦/૨૦૨૪ સુધી માં સંસ્થા એ રૂબરૂ જોઈ અને બંધ કવર માં બસ વાઈઝ ભાવ આપી જવા

★ બસ અર્થે સંપર્ક – ધર્મેશભાઈ કોલડીયા – ૯૩૭૭૨૦૮૯૫૯

સંકુલ ટેલીફોન નંબર – (૦૨૭૯૨) ૨૩૨૩૨૧ – ૨૬

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**

સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ અમરેલી -Ad 064



**શ્રી મોટા આગરીયા ગ્રામ પંચાયત**

**-:: જાહેર હરરાજી ::-**

આથી રસ ધરાવનાર તમામને આ જાહેર ખબરથી જાણ કરવામાં આવે છે. કે મોટા આગરીયા ગામ જુની ગ્રામ પંચાયત કચેરી તેમજ કોમ્યુનીટી હોલના ઈમલાની જાહેર હરરાજી તારીખ:૨૦/૦૯/૨૦૨૪ને શુક્રવારના રોજ ૧૪:૦૦ કલાકે સ્થળ પર રાખેલ છે. તો રસ ધરાવનાર વ્યકિતઓએ હાજર રહેવુ. હરરાજીની શરતો હરરાજીના દીવસે સ્થળ પર રૂબરૂ વાંચી સંભળાવવામાં આવશે.

તલાટી કમ મંત્રી — મોટા આગરીયા ગ્રામ પંચાયત
સરપંચ — મોટા આગરીયા ગ્રામ પંચાયત



**બાલક્રિષ્ના ટ્રેક્ટર્સ**

આયશર 188 (મીની) ટ્રેક્ટર

ફક્ત રૂા.૧ લાવો ટ્રેક્ટર ઘરે લઇ જાઓ

ગર્વમેન્ટ સબસીડી માન્ય



- પાવરફુલ એરકુલ્ડ એન્જીન
- ૧૦ સ્પીડ ગિયરબોક્સ
- તેલમાં ડુબેલી બ્રેક્સ

*શરતોને આધિન

રાજુલા, સાવરકુંડલા, અમરેલી મો.૯૯૦૪૩૨૨૬૬૧/૬૪/૬૫


















મહે શ્રી ખાંભા ના જ્યુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા

ફોજદારી પરચુરણ અરજી નં. ૧૯૩-૨૦૨૪............મુ.તા.૧૦-૧૦-૨૦૨૪

અરજદાર : નાથીબેન નાનજીભાઈ સોંદરવા રહે.જુના માલકનેશ, તા.ખાંભા

અરજદારના વિ.વ.શ્રી જે.એન.જોષી

વિરૂધ્ધ : સામાવાળા : ત.ક.મંત્રીશ્રી જુના માલકનેશ, તા.ખાંભા, જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારની પુત્રી શાંતુબેન નાનજીભાઈ સોંદરવાનો જન્મ તા.૦૧-૦૧-૧૯૭૮ નારોજ ગામ જુના માલકનેશ, તા. ખાંભા મુકામે થયેલ અને તેની નોંધ જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે જેથી અરજદારની માંગણી મુજબ તેઓના પુત્રીના જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનુ કારણ દર્શાવવા મુદત તા.૧૦-૧૦-૨૦૨૪ નારોજ ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે આથી જે કોઇ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી સામે વાંધો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સદરહુ મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા માહિતગાર વકીલ, મુખત્યાર મારફતે હાજર રહેશો તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો. આજ તા.૧૧-૦૯-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા

તૈયાર કરનાર — ડી.એમ.કલસરીયા — આસી.
મુકાબલ કરનાર — ડી.જે.પઠાણ — આસી.
કોર્ટનો સિક્કો
હુકમ થી — એ.એસ.દવે — રજીસ્ટ્રાર ખાંભા










AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૧૭-૦૯-૨૦૨૪ મંગળવાર

# રસ્તાઓના પુનઃ નિર્માણનું કામ હવે ઝડપી બનાવો, નવો વરસાદ આવવાની આગાહી છે

વરસાદ આવ્યો અને ગયો અને હવે ફરી આવવાનો નક્કી છે. નાગરિકો કે જેઓ ખાડાવાળે રસ્તે ગોથા ખાય છે એમનો વિચાર તંત્ર કરે તે જરૂરી છે. ભારે વરસાદ પછી માર્ગો બરબાદ થયા અને લગભગ તમામ માર્ગો ઉબડ-ખાબડ પડતર જમીન જેવા થઈ ગયા, અને વાહનો ચલાવવા અત્યંત મુશ્કેલ બની ગયા, તે પછી હવે ક્યાંક ક્યાંક થીંગડા મારવામાં આવી રહ્યા છે, તો ગ્રામ્ય વિસ્તારોમાં કેટલાક સ્થળે લોકો કેટલાક ખાડાઓ સ્વયં બુરીને પોતાના વાહનોને જેમ તેમ કરીને ચલાવી શકાય, તેવી વ્યવસ્થા કરી રહ્યા છે, ત્યારે મહાનગરપાલિકાઓમાં આવેલા વિધાનસભા મતક્ષેત્રો માટે રાજ્ય સરકારે ધારાસભ્ય દીઠ બબ્બે કરોડ રૂપિયા ફાળવ્યા હોવાની જાહેરાત કરી હોવાથી હવે શહેરી વિસ્તારોમાં 'થીંગડા' થોડાક ઝડપથી અને મજબૂત લાગશે, તેવી આશા રાખી શકાય, કારણ કે બે કરોડ રૂપિયામાં નવો રોડ કે અદ્યતન માર્ગ તો બનવાના નથી, માત્ર બે કરોડમાં થાય શું? તેવા સવાલો પણ ઊઠી રહ્યા જ છે ને?

જો કે, આ બબ્બે કરોડની વધારાની ગ્રાન્ટ માર્ગ અને મકાન વિભાગમાંથી ફાળવાશે, અને શહેરી વિકાસ વિભાગ માટે તો અલગથી ગ્રાન્ટ અપાય જ છે, અને તે યથાવત રહેશે. તેથી ધારાસભ્યોને મળતી શહેરી વિકાસ વિભાગની ગ્રાન્ટ, મહાનગરપાલિકાની માળખાકીય સુવિધાઓ માટેના રેગ્યુલર ફંડ ઉપરાંત આ વધારાની ગ્રાન્ટનું સંયોજન કરીને ઝડપભેર ભાંગી-તૂટી ગયેલા માર્ગોની હાલતુરત મરામત થાય, અને તે દરમિયાન સર્વે કરીને તદ્દન ભાંગી-તૂટી ગયેલા માર્ગો, પૂલ, પૂલિયાનું નવીનિકરણ અથવા ગુણવત્તાસભર મજબૂત પુનઃનિર્માણ થાય, તે પ્રકારનું આયોજન ઘડવાની દિશામાં ઝડપભેર કદમ ઊઠાવાય, તે અત્યંત જરૂરી છે. આ નવી ગ્રાન્ટના ઉપયોગ અંગે રાજકોટ મહાનગરપાલિકા વિસ્તારમાંથી ચૂંટાયેલા ધારાસભ્યો અને મેયરે પણ કાંઈક આયોજન વિચાર્યું જ હશે ને?

રાજકોટમાં લગભગ તમામ આંતરિક માર્ગો વરસાદમાં ધોવાઈ ગયા છે, અને રહેણાંક વિસ્તારો, સોસાયટી વિસ્તારો, ઈન્ડસ્ટ્રીયલ એરિયા, પરિવહન કેન્દ્રો, કેન્દ્રવર્તી સંકુલો, કોમર્શિયલ અને એજ્યુકેશન સંસ્થાઓના એરિયા તથા હોસ્પિટલો-દવાખાનાઓને સાંકળતા માર્ગો પણ તત્કાળ મરામત માંગે છે, અને તે અંગે મનપાના શાસકોએ શું આયોજન કર્યું છે, તેની વાસ્તવિક જાણકારી પબ્લિકને મળશે, તેવું નગરજનો ઈચ્છે છે. મહાનગરપાલિકાના વિવિધ વિભાગો, માહિતી ખાતું અને રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાંથી સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓને સાંકળતી ઘણી બધી પ્રેસનોટો રોજેરોજ પ્રેસ-મીડિયાને મોકલવામાં આવે છે, જે જરૂરી છે, અને લોકોને શાસકો-પ્રશાસકો દ્વારા લેવાતા પગલાં અને થતી કામગીરીની જાણકારી મળે, તેમાં કાંઈ હરકત જેવું નથી, પરંતુ માત્ર થયેલી કામગીરીની વાહવાહી, આંકડાઓની માયાજાળ અને જે કામો કે સેવાઓ કાયમી ધોરણે કરવાની જ હોય, અને તેના માટે તોતિંગ પગાર ચૂકવાતા હોય, તેવી કામગીરીને પ્રશંસાત્મક શબ્દોમાં ગુંથીને પ્રસ્તુત કરવાની ચાલાકીભરી યુક્તિઓ અજમાવાય, તે પબ્લિકની આંખમાં ધૂળ નાખવા સમાન ન ગણાય?

જો ભરપૂર વિશેષ પબ્લિસિટી કરવી જ હોય, તો એવા કામોની કરો, જે વિશેષ સ્વરૂપે અને પ્રવર્તમાન ઊભા થયેલા સંજોગોના કારણે કેટલું, ક્યાં અને ક્યારે નુકસાન થયું છે, અને તેના માટે તંત્રે તાબડતોબ શું આયોજન કર્યું છે, અને સમસ્યાઓના કાયમી ઉકેલ માટે કેવા પગલાં લેવા જઈ રહ્યા છે, તેની વિશેષ પબ્લિસિટી કરો ને...!

જો વાસ્તવિક્તા સ્વીકારીને અને તેના સંદર્ભે તત્કાળ કદમ ઊઠાવીને તેનો પ્રચાર-પ્રસાર થશે, તો લોકો રસપૂર્વક વાચશે, સાંભળશે અને તેની નોંધ પણ લેશે. પરંતુ કાયમી ધોરણે થતી કામગીરીનું મિશ્રણ કરીને આંકડાબાજીની કરામતોની હવે લોકોને ખબર પડી ગઈ હોવાથી આ પ્રકારના અતિશયોક્તિભર્યા સમાચારોની નોંધ લેવી તો દૂર રહીં, તેના પર નજર પણ નહીં નાંખે... યે પબ્લિક હૈ યે સબ જાનતી હૈ...!

રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ભારે વરસાદ પછી સર્જાયેલી સ્થિતિથી સૌ કોઈ વાકેફ છે. આને માત્ર કુદરતી આફત ગણાવીને જવાબદારી ખંખેરી શકાય નહીં. પરંતુ વાસ્તવિક્તાનો સામનો કરવો પડે. સૌરાષ્ટ્રમાં અતિવૃષ્ટિ પછી દિવસો સુધી જલભરાવ, ગંદકી અને કાદવ-કીચડનું સામ્રાજ્ય રહે, અને તેના સંદર્ભે ઊંટના મૂખમાં જીરૂ મૂકવા જેટલી કામગીરી કરીને જાણે ઊંટને ધરવી દીધું હોય, તેવો પ્રચાર-પ્રસાર કરવામાં આવે તો તેને તો લોકો સાથેની ઉઘાડી છેતરપિંડી જ ગણવી પડે ને?

તાજેતરની અતિવૃષ્ટિ પછી જે બદતર સ્થિતિ સર્જાઈ છે, તેનો વાસ્તવિક ચિતાર આપીને તંત્રો-શાસકો દ્વારા તત્કાળ ક્યા પગલાં લેવાઈ રહ્યા છે, અને કાયમી ઉકેલ માટે શું વિચાર્યું છે, તેની સચોટ અને સાચી માહિતી સાથે કેટલી નગરપાલિકાઓના પ્રમુખો કે ચીફ ઓફિસરોએ પ્રેસ-કોન્ફરન્સો કરી? ગ્રામ્ય વિસ્તારો માટે જવાબદાર જિલ્લા પંચાયતોના પ્રમુખો, કલેક્ટરો, ડી.ડી.ઓ. તો લગભગ ખામોશ જ જણાય છે. મેયર-મ્યુનિસિપલ કમિશનરે આ અંગે પ્રેસ-કોન્ફરન્સો દ્વારા વાસ્તવિક્તા જાહેર કરીને સચોટ માહિતી વખતો-વખત આપી છે ખરી? સરકારી તંત્રો સરકારની વિરૂદ્ધમાં ન બોલે, કે પ્રેસઆઉટ ન કરે, તે સમજાય, પરંતુ જે વાસ્તવિક્તા છે, તે રજૂ કરીને, તંત્રની ઢીલાશ હોય તો તેનો સ્વીકાર કરીને અને પોતાની સત્તામર્યાદામાં જે તત્કાળ કદમ ઊઠાવ્યા હોય, ભૂલો સુધારી હોય કે 'લાપરવાહી હટાવવાની' પ્રક્રિયા ચાલી રહી હોય, અને પોતાની સત્તા ન પહોંચતી હોય ત્યાં ઉપલી કચેરી કે સરકારમાં દરખાસ્તો કરી હોય, સમસ્યાઓના તત્કાળ હંગામી ઉકેલ પછી તેના કાયમી નિરાકરણ માટે કોઈ ચર્ચા થઈ હોય, સૂચનો કરાયા હોય કે પ્રસ્તાવો મૂકાયા હોય તો તે જાહેર કરવામાં વાંધો શું છે, તે જ સમજાતું નથી... માત્ર વાહવાહી તો આખરે બૂમરેંગ જ પૂરવાર થઈ રહી છે હો...!

# માળીલા નજીક બાળકને ફોરવ્હીલે હડફેટે ચડાવ્યું

## બસસ્ટેન્ડ પાસે રમતો હોય ફોરવ્હીલ ભટકાવી ગંભીર ઈજા કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી તાલુકાના માળીલા ગામે સાવરકુંડલાના જતીનભાઈ નનુભાઈ ઝાપડા પરીવારના સભ્યો માળીલા શ્રીમંતવિધિ પુર્ણ કરી સાવરકુંડલા જવા માટે માળીલા ગામે બસસ્ટેન્ડ પાસે બેઠા હતા. ત્યારે અમરેલીના મોહિત જગદીશભાઈ પરમાર પોતાની ફોરવ્હીલ આઈ ટેન જી.જે. ૧૪ આઈ.સી. ૧૧૩૮ પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી બસસ્ટેન્ડ પાસે રમતા ભત્રીજા નયનને હડફેટે લઈ શરીરે ગંભીર ઈજા કરી ગુનો કર્યાની જતીનભાઈ ઝાપડાએ અમરેલી તાલુકા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા ૧૭.૯.૨૦૨૪ મંગળવાર ,સંવંત ૨૦૮૦ ભાદરવા સુદ ચતુર્દશી , શતતારા નક્ષત્ર , ધ્રુતિ યોગ, વિષ્ટિ કરણ , આજે જન્મેલાંની ચંદ્રરાશિ કુંભ (ગ ,સ,શ) રહેશે.

### આ શહેર તમારા મનસૂબા ઉથલાવી દે કહેવાય નહિ!!

અગાઉ અત્રે લખ્યા મુજબ ગ્રહણની અસર વિશ્વ પર દેખાઈ રહી છે અને દિલ્હીથી લઈને કલકત્તા સુધી આંદોલન ને રાજકીય અધ્યાયો લખવાના શરુ થઈ ચુક્યા છે. શનિ કેતુ ષડાષ્ટક યોગ અદાલતી ચુકાદાઓને વિશેષ બનાવી રહ્યા છે અને એ મુજબ પરિસ્થિતિઓ આકાર લઇ રહી છે તો અકસ્માતોથી સાવધ રહેવા જેવો સમય પણ ગણી શકાય. ગ્રહોના રાજા સૂર્ય મહારાજ કન્યા રાશિમાં પ્રવેશી ચુક્યા છે જે રોગ સામે પ્રતિકારની શક્તિ આપે છે અને મેડિકલ સંશોધનને વેગ આપશે તો શત્રુ સામે સજ્જ થવાનો સમય પણ બતાવી રહ્યા છે!! જ્યોતિષની વાત કરીએ તો જન્મકુંડળી માટે સ્થળ વિશેષ મહત્વ ધરાવે છે અને તમારા નક્ષત્ર મુજબ



જન્મસ્થળે કરવાના પ્રયોગ પણ ખુબ અસરકારક બને છે વળી તમે જે શહેરમાં જન્મ્યા છો ત્યાંની ઉર્જા પણ તમારી પર વિશેષ અસર કરનાર બને છે. ધ્યાનથી જોઈએ તો વ્યક્તિ જે શહેરમાં હોય છે તે મુજબ બનાવો પણ તેના જીવનમાં બનતા હોય છે અને શહેરની ઉર્જા તેને અમુક રીતે જીવવા માટે પ્રેરિત કરતી હોય છે જેમકે અમદાવાદ માં રહેતી વ્યક્તિ અને દિલ્હીમાં રહેતી વ્યક્તિ ના જીવન વચ્ચે ખાસ્સો ફેરફાર જોવા મળે છે જેમાં શહેરની ઉર્જા વિશેષ કામ કરતી હોય છે વિશ્વના કોઈ પણ શહેરને તેની પોતાની ઉર્જા હોય છે જો તે જે તે ઉર્જા વ્યક્તિની ઉર્જા સાથે મેચ થાય તો તે શહેર માં વ્યક્તિ ઉદય પામે છે અને એ ઉર્જા સાથે મેચ ના હોય તો ક્યારેક પ્રગતિ અટકતી જોવા મળે છે.!!(શીર્ષક પંક્તિ શ્રી રમેશ પારેખ)

મેષ (અ,લ,ઈ) : મનમાં અન્ય પ્રત્યે અભાવ આવી શકે છે પરંતુ નકારાત્મક વિચારો ટાળવા સલાહ છે,દિવસ મધ્યમ રહે.
વૃષભ (બ,વ,ઉ) : ઉતાવળે કાર્ય નહિ કરી શકો ધીમી પ્રગતિ જોવા મળે,કામકાજમાં સફળતા મળે.
મિથુન (ક,છ,ઘ) : સંઘર્ષ પછી સફળતા મળે, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે શુભ,પ્રગતિકારક દિવસ.
કર્ક (ડ,હ) : તમે કરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકશો, પોઝિટિવ વિચારોથી આગળ વધશો તો અવશ્ય કાર્યસિદ્ધિ મળશે.
સિંહ (મ,ટ) : અટવાયેલા કાર્ય પૂર્ણ થાય, કોર્ટ કચેરીમાં સારું રહે, ઘણા સમય થી રાહ જોઈ રહ્યા હોય તેવી બાબતો સામે આવે.
કન્યા (પ,ઠ,ણ) : લાગણીના સંબંધોમાં સારી અનુભૂતિ થાય ,અંગત સંબંધોમાં સારું રહે, મનની વાત વ્યક્ત કરી શકો.
તુલા (ર,ત) : સવાર બાજુ દોડધામ રહે,સાંજ ખુશનુમા વીતે,ઈચ્છીત પરિણામ મેળવી શકો, શુભ દિન.
વૃશ્ચિક (ન,ય) : ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને સારી તક પ્રાપ્ત થાય, વિદેશ જવા માંગતા મિત્રોને પણ વાત આગળ વધે!.
ધન (ધ,ભ,ફ,ઢ): આધ્યાત્મિક ચિંતન થાય,મનોમંથન કરી શકો, સત્સંગથી સંશયો દૂર થાય , શુભ દિન.
મકર (ખ,જ) : વિલંબ થી પણ તમને કાર્ય માં સફળતા મળે,અંતરાય દૂર થાય,જીવનમાં નવો પ્રકાશ ફેલાતો લાગે .
કુંભ (ગ,સ,શ ) : તમે તમારી જાત સાથે રહી શકો,શોખ અને આનંદની બાબતો કરી શકો, મનોમંથન કરી શકો.
મીન (દ,ચ,ઝ,થ): સવાર બાજુ થોડી કામગીરી રહે, તમારી પ્રગતિના દરવાજા ખુલતા જણાય,અંતરાયો દૂર થાય.

## ખોટા અધિકારીઓની ઓળખ આપી ખોટી હકીકત જણાવી

# અડતાળાના વૃધ્ધ સાથે વોટસએપ એકાઉન્ટ ધારકોએ રૂા. પોણા છ લાખ ઉપરાંત પડાવ્યા

## ખોટી ઓળખ આપી ન્યુડ વિડિયો કોલનું રેકોર્ડીંગ કરી વાયરલ કરવા ધમકી આપી પૈસા પડાવ્યા

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) લાઠી તાલુકાના અડતાળા ગામે હરીજનવાસમાં રહેતા હીરાભાઈ ખોડાભાઈ પરમારને મો. ૬૨૬૨૪૪૨૧૯૨ , ૮૫૦૯૫ ૫૦૮૬૦,૮૭૬૮૧૭૭૫૭ , ના વોટસએપ એકાઉન્ટ ધારકોએ એકબીજાને મદદગારી કરી હીરાભાઈને ન્યુડ વિડિયોકોલ કરી પોલિસ અધિકારી અને યુટયુબના અધિકારીની ખોટી ઓળખ આપી ન્યુડ વિડિયો કોલનું સ્કીન રેકોર્ડીંગ કરી યુટયુબ અને બીજા સોશીયલ મીડીયામાં વાયરલ કરવાની ધમકી આપી. તેમજ ખોટી એફઆઈઆર થયેલ છે. ન્યુડ વિડિયોમાં જે મહિલા છે. તે મહિલાએ આત્મહત્યા કરેલ છે. તેવી ખોટી હકીકત જણાવી બ્લેક મેઈલ કરી અવાર નવાર રૂપિયાની માંગણી કરી ન્યુડ વિડિયો ડિલીટ કરાવાના બહાને હીરાભાઈ પાસેથી રૂ/.૫,૭૭,૦૦૦ પડાવી લઈ છેતરપીંડી કરી ગુનો કર્યાની અમરેલી સાયબર ક્રાઈમ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી જીલ્લામાં કમોતના વધુ બે બનાવો

## ખાંભાના વાંકિયા ગામે યુવાનનું આંચકી આવતા , સુખપુરમાં યુવતિનું ઝેરી દવા પી જતા મોત

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી જીલ્લામાં દિનપ્રતિદિન કમોતના બનાવોમાં વધારો થઈ રહયો છે. ખાંભાના વાંકિયા ગામે યુવાનનું આંચકી આવતા તેમજ ધારી તાલુકાના સુખપુર ગામે રહેતી યુવતિનું ઝેરી દવા પી જતા સારવાર દરમ્યાન મોત નિપજયું હતું. ખાંભા તાલુકાના વાંકિયા ગામે રહેતા મહેશભાઈ પાલજીભાઈ દાફડા ઉ.વ. ૨૯ ને આંચકી આવતા શ્વાસ લઈ ન શકતા હોય જેથી તેમને સારવાર માટે દવાખાને લઈ જતા ફરજ પરના તબીબે તપાસી મૃત્યું પામ્યાનું જાહેર કરતા દિપકભાઈ પ્રેમજીભાઈ દાફડાએ ખાંભા પોલિસ મથકમાં જાહેર કરેલ છે. જયારે બીજા બનાવમાં ધારી તાલુકાના સુખપુર ગામે રહેતી સુહાનીબેન ભીમજીભાઈ સોંદરવા ઉ.વ. ૧૮ કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરતા હોય .અને ખુબ વાંચવું અને મહેનત કરવી પડતી હોય. અને વાંચેલું યાદ ન રહેતા કંટાળી જઈ પોતાના ઘરે રૂમમાં પડેલ ઘઉંમાં નાખાવાનો ઝેરી પાઉડર પી જતા પ્રથમ ધારી દવાખાને અને વધુ સારવાર માટે અમરેલીના ડો. ધડુકના દવાખાને સારવાર દરમ્યાન મોત નિપજયાનું પિતા ભીમજીભાઈ લાખાભાઈ સોંદરવાએ ધારી પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

## કુટુંબીક ભાઈએ એકલતાનો લાભ લઈ છરીની અણીએ મોં કાળુ કર્યુ

# અમરેલીના ભારતનગર પાસે કુટુંબી ભાઇએ સગીરા ઉપર બળાત્કાર ગુજાર્યો

## છરીની અણીએ અપહરણ કરી બળાત્કાર ગુજારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી તાલુકાના ભારતનગર નજીક આવેલ નદીના પટમાં સગીરાને તેના કુટુંબી ભાઈ અબ્દુલ દિનમહમદ જુણેજા ભારતનગર ખાતે સાથે રહેતા હોય . તા. ૧૪-૯ ના સગીરા બિમાર પડતા મજુરી કામે ગયેલ ન હોય. અને ઘરે એકલી હતી. ત્યારે રાત્રિના અબ્દુલે સગીરા પાસે આવી એકલતાનો લાભ લઈ છરી બતાવી સાથે આવવા દબાણ કરતા સાથે જવાની ના પાડતા અબ્દુલે ગળાના ભાગે છરી રાખી સાથે આવવા કહેલ તે દરમ્યાન સગીરાએ વિરોધ કરતા આરોપીએ છરી ભોગ બનનારની દાઢી નીચે રાખી ગળાના ભાગે છરી વડે ઈજા કરી ઈચ્છાવિરુધ્ધ અપહરણ કરી નદીના પટમાં લઈ જઈ છરીની અણીએ બળાત્કાર ગુજારી જાતીય હુમલો કરી છરી બતાવી કોઈને કહીશ તો જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કર્યાની અમરેલી તાલુકા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# શેડુભારની સીમમાં જુગાર રમતા એલસીબીએ ૬ને ઝડપી પાડયા

## પટમાંથી રૂ/.૧૨ હજાર ઉપરાંતનો મુદામાલ કબ્જે

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી તાલુકાના શેડુભાર ગામે રેતીવાડી વિસ્તારમાં આવેલ આંગણવાડી પાછળ જાહેરમાં હારજીતનો જુગાર રમતા રાજેશ નંદલાલભાઈ અગ્રાવત, રણજીત જીલુભાઈ વાળા, રાજુ ગીરધરભાઈ ગોઠડીયા, વિનુ જીવરાજભાઈ વૈષ્ણવ , વિનુ ખોડાભાઈ ગોહિલ, ભુપત મંગાભાઈ શીરોળીયાને એલસીબીના પો.કોન્સ. વર્જાગભાઈ મુળાસીયાએ રોકડ રૂ/.૧૨,૫૦૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા.

## વૃધ્ધા રામજી મંદિરે દર્શન કરીને ઘરે જ હતા ત્યારે

# સાવરકુંડલામાં બાઈક ઉપર આવેલા યુવાને ધકકો મારી પછાડી દઇને કડીની લૂંટ ચલાવી

## સોનાની બે નંગ કડી રૂ/. ૩૦ હજારની કિંમતની લૂંટી નાસી ગયો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) સાવરકુંડલા ગણેશવાડી વિસ્તારમાં રહેતા ચંપાબેન બાબુભાઈ ચોટલીયા ઉ.વ. ૬૫ રામજી મંદિરે દર્શન કરીને પોતાના ઘરે જતા હતા. ત્યારે કાનાણીનગર માધવ પાનના ગલ્લા પાસે પહોંચતા સાવરકુંડલાના અરવિંદ સોમાભાઈ નગવાડીયા ઉ.વ. ૨૮ એ બાઈક ઉપર પાછળથી આવી ચંપાબેન પાસે બાઈક ઉભું રાખી બાઈકમાંથી ઉતરી ધકકો મારી જમીન ઉપર પછાડી દઈ વૃધ્ધાએ પહેરેલ સોનાની બે નંગ કડીઓ રૂ/. ૩૦,૦૦૦ ની કિંમતની બળજબરીપુર્વક લુંટ ચલાવી આંચકો મારતા જમણા કાનમાં ૬ ટાંકા આવે તેવી ઈજા કરી નાસી ગયાની સાવરકુંડલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ધારીના દલખાણીયામાં યુવાન ઉપર છરી વડે જીવલેણ હુમલો

## ગાળો બોલી છરી કાઢી પડખામાં મારી ગંભીર ઈજા કરી

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) ધારી તાલુકાના દલખાણીયા ગામે પરાવિસ્તાર ખોડીયાર મંદિર પાછળ રહેતા કાનજીભાઈ ખોડાભાઈ સુખડીયાનો દિકરો ચિરાગ ગામના પાયલબેન જયંતિભાઈ સાવલીયા સાથે બોલતો હોય. તેમજ પાયલના માતાપિતા કાનજીભાઈની વાડીએ મજુરીએ આવતા હોય .જેથી અક્ષય બટુકભાઈ પટોળીયાને ગમતું ન હોય .અને ચિરાગ પાયલ અને તેના મમ્મીને તેડવા જતા સારૂ નહી લાગતા ચિરાગના અક્ષયે ગાળો બોલી કમરમાંથી છરી કાઢી જાનથી મારી નાખવાના ઈરાદે પડખાના ભાગે છરી મારી દઈ ગંભીર ઈજા કર્યાની ધારી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ઈંગોરાળામાં વેવાઈ વેલાઓ વચ્ચે મારામારી

## પાઈપ , લાકડી, ઢીકાપાટું વડે મારમારી ધમકી આપી

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) ખાંભા તાલુકાના ઈંગોરાળા ગામે લાલજીભાઈ મધુભાઈ જાદવ ઉ.વ. ૩૬ ને તેના પત્નિ સાથે જીભાજોળી થતા તેની જાણ પત્નિએ તેના ભાઈઓને કરતા વિપુલ જાદવભાઈ ,સંજય જાદવભાઈ, કુલદિપ જાદવભાઈ ધુંધળવાએ લાલજીભાઈના ઘરે આવી ગાળો બોલી વિપુલે માથામાં પાઈપ મારી કુલદિપે લાકડી વડે શરીરે આડેધડ ઘા મારી મુંઢ ઈજા કરી સંજયે ઢીકાપાટું વડે મારમારી મુંઢ ઈજા કરી મહેશ તથા નીતા કોળીએ જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની ખાંભા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જયારે સામાપક્ષે જીજ્ઞાશાબેન લાલજીભાઈ જાદવ ઉ.વ. ૩૦ ને લાલજી મધુભાઈ જાદવે માવતરીયે જવા પ્રશ્ને તથા ચારિત્ર્ય અંગે શંકા કરી ગાળો બોલી લાકડી અને ઢીકાપાટું વડે મારમારતા રાડારાડ કરતા મધુ જાદવ અને બેનાબેન મધુભાઈ જાદવને વાત કરતા કહેલ કે તારો જ વાંક હશે. તેમ કહી લાકડીના એકબે ઘા પગમાં મારી ત્રણેયે જાનથી મારી નાખવાની ધમકી આપી છેલ્લા ચાર વર્ષથી શારીરીક માનસિક ત્રાસ આપી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની ખાંભા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## રમાડવાના બહાને તેમજ મોબાઈલ બતાવાના બહાને લઈ જઈ

# ધારીમાં પાંચ વર્ષની બાળા સાથે ઢગાના અડપલા : પોલીસે પકડયો

## ધારીના શખ્સે અડપલા કરી છેડતી કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) ધારી લક્ષ્મીલોજના અંદરના ભાગે બાળાના માતા કામકાજમાં વ્યસ્ત હોય તે દરમ્યાન પાંચ વર્ષની બાળાને ધારીના હિંમત હસમુખભાઈ બોસમીયા બાળપણનો લાભ લઈ ફોસલાવી રમાડવાના બહાને તેમજ મોબાઈલ બતાવાના બહાને સાથે લઈ જઈ યુવકે છેડતી કરી અડપલા કર્યાની બાળાના માતાએ ધારી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. આરોપીને પોલીસે ઝડપી લઈ આગળની તપાસ હાથ ધરી છે.

# અમરેલી જીલ્લામાં દેશી દારૂના ૮ દરોડા

## એક મહિલા સહિત સાત શખ્સોને ઝડપી પાડયા

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) અમરેલી જીલ્લામાં જુદા જુદા સ્થળોએ પોલિસે દેશી દારૂના દરોડા પાડી એક મહિલા સહિત સાત શખ્સોને મુદામાલ સાથે ઝડપી પાડયા હતા. જેમાં દામનગર, લાઠી, સાવરકુંડલા, બાબરા પોલિસ દ્વારા કાર્યવાહી હાથ ધરી હતી.

# બગસરામાં યુવાન ઉપર હુમલો

## ત્રણ શખ્સોએ લાકડી અને ઢીકાપાટું વડે માર માર્યો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) બગસરા હુડકો કોલોની પાસે પ્રતાપભાઈ દલસુખભાઈ પંચાસરા ઉ.વ. ૨૪ ની સાથે આશીષ હિંમતભાઈ પાટડીયા મસ્તી કરી ગાળો બોલતા ના પાડતા ઝગડો થયેલ હોય. અને પ્રતાપભાઈ ઘરે જતા રહેલ. ત્યારબાદ તેમના સબંધી કેશુભાઈ શંભુભાઈના ઘરે છઠીના પેંડા દેવા ગયેલ હોય. ત્યારે કેશુભાઈ શંભુભાઈના દિકરા પીન્ટુને સાદ પાડતા હોય. તે દરમ્યાન આશીષ હિંમતભાઈ ,,યશ હિંમતભાઈ અને હિંમત પાટડીયાએ આવીને યશે માથામાં લાકડી મારી ત્રણે આરોપીઓએ ઢીકાપાટું વડે મુંઢમાર મારી એકબીજાએ મદદગારી કરી ગુનો કર્યાની બગસરા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# ચલાલા પોલિસ પરીવાર દ્વારા 'તેરા તુજકો અર્પણ' - કાર્યક્રમ યોજાયો

## યોજાયેલા કાર્યક્રમમાં પોલિસ અધિકારી અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં ચોરાયેલ મુદામાલ મુળ માલિકોને પરત કરાયો




ચલાલા, (પ્રકાશ કારીયા) અમરેલી જીલ્લા પોલિસના માર્ગદર્શન હેઠળ ચલાલા પોલિસ પરીવાર દ્વારા પોલિસ સ્ટેશનમાં તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અધિકારી અને મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયો હતો. અને આમ જનતામાંથી ચોરાયેલ વસ્તુઓની ફરિયાદ થયા બાદ પોલિસ દ્વારા સઘન તપાસના અંતે ચોરી કરતા શખ્સો પકડાયા બાદ તેમની પાસેથી મેળવેલ મુદામાલ મુળ માલિકને પરત મેળવવામાં ખુબ લાંબો સમય અને કાયદાકીય પ્રોસેસમાંથી પસાર થવું પડતું હતું. ત્યારે સરકારશ્રીના અભિગમ મુજબ ચોરીના ડિટેઈન થયેલ મુદામાલ મેળવેલ અને ખુબ જ વહેલી તકે લોકોને સરળતાથી મુળ માલિકને પરત કરવો તે દિશામાં ચલાલામાં થોડાક જ વખતમાં મુદામાલના સોના ચાંદીના દાગીના તથા મોબાઈલ ચોરાયેલ જે ફરિયાદ બાદ તપાસ દરમ્યાન ચોરી ડિટેન થયા મુજબ મુદામાલ કબ્જે કરી ચલાલા પોલિસ સ્ટેશનમાં શહેરના સંતો, મહાનુભાવોની ઉપસ્થિતિમાં મુળ માલિકોને બોલાવી પોતાની ચોરાયેલ વસ્તુઓ પરત કરતા મુળ માલિકો અને ઉપસ્થિત મહાનુભાવોમાં હર્ષ અને સંતોષની લાગણી ફેલાઈ હતી. આ કાર્યક્રમમાં નવનિયુકત પી.આઈ. શ્રીચાવડા, પી.એસ.આઈ.શ્રી. રામાણી, હે.કોન્સ. ભગીરથભાઈ ધાધલ સહિત પોલિસ પરીવાર, ગાયત્રી સંસ્થાના વડા પુ. ડો. રતીદાદા, જયરાજભાઈ વાળા, પ્રકાશભાઈ કારીયા, ભયલુભાઈ વાળા, મહેન્દ્રભાઈ સાદરાણી, ચાપરાજભાઈ ધાધલ, અનિરુધ્ધભાઈ વાળા સહિત ઉપસ્થિત રહી ફરિયાદીઓએ પોલિસની કામગીરીને બિરદાવી પ્રશંસા કરી હતી.

# ધારીના ડાંગાવદર રોડ ઉપર બાઈક સાથે ફોરવ્હીલ અથડાવતાં ગંભીર ઇજાઓ

## બાઈક સાથે ભટકાવી યુવાનને શરીરે અલગ અલગ જગ્યાએ ગંભીર ઈજા કરી નાસી ગયાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર) ધારીથી ડાંગાવદર જતા રોડ ઉપર આવેલ રણુજાધામ આશ્રમ નજીક તા. ૩૧-૮ ના સાંજના ડાંગાવદર ગામના આશીષગીરી મધુગીરી, ગૌસ્વામી ઉ.વ. ૩૦ હીરાઘસવાનું કામ કરી પોતાના ઘરે બાઈક લઈને જતા હતા ત્યારે રણુજાધામથી આગળ જતા ગ્રે કલરની સ્વીફ્ટ જી.જે. ૩૨ કે. ૯૫૫૦ ના ચાલકે પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી બાઈક સાથે ભટકાવી આશીષગીરીને જમણા પગે તેમજ શરીરના અલગ અલગ ભાગે ગંભીર ઈજાઓ કરી જમણા પગમાં ઓપરેશન કરી સળીયા આવતા સારવારમાં દાખલ થયેલ. અનુ ગુનો કરી નાસી ગયાની ધારી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# કપડવંજ ખાતે નર્મદા કેનાલમાં યુવક યુવતીએ ઝંપલાવ્યું

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેસની સગવડ — સંપર્ક : **પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**

જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦



આ છે તેની વિશેષતાઓ

YAMAHA FASCINO-125



- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી

● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ડ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ

**યામાહા શોરૂમ**
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો.૭૦૪૮૬ ૮૨૦૦૪ મો.૭૦૪૮૭ ૮૨૦૦૪



સત્યમેવ જયતે
AVADH TIMES DAILY

# અવધ ટાઇમ્સ

પાના નં ૬
તા.૧૭-૦૯-૨૦૨૪ મંગળવાર






(બાબરાવાળા)
**આનંદ કલોથ સ્ટોર**
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪






**આશાપુરા ફર્નીચર**

માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩ / ૨૪ ના અદ્યતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ


## અવધ હેરીટેજ રિસોર્ટ અમરપુર વરૂડી ખાતે

# અમરપુર વરૂડીમાં વિદ્યાર્થી સન્માન સમારહો યોજાયો

**મારવાડી વણકર સમાજ દ્વારા શ્રી શાંતિભાઇ રાણવાના નેતૃત્વ અને માર્ગદર્શન નીચે સમસ્ત ગુજરાત મારવાડી વણકર વિકાસ ટ્રસ્ટ દ્વારા મારવાડી વણકર સમાજનાં તેજસ્વી તારલાઓને શિક્ષણ ક્ષેત્રે પ્રોત્સાહિત કરવા આયોજન : ડો યોગેશ જોગસણ, જીનેશભાઈ બઢીયા, વિજયભાઈ ડાભી સહિતની ઉપસ્થિતી**



અમરેલી, સમસ્ત ગુજરાત મારવાડી વણકર સમાજ ના ૧૨ માં વિદ્યાર્થી સન્માન સમારોહ માં ડો યોગેશ જોગસણ ની અધ્યક્ષતા માં અતિથિ વિશેષ ઉદ્ઘાટક જીનેશભાઈ બઢીયા વિજયભાઈ ડાભી આશીર્વચન ધર્મેન્દ્ર હેજમ છગનભાઈ બોરીચા સાહિત્યકાર દેવજીભાઈ બાજક શિલ્ડ ના કાયમી દાતા શાંતિલાલ રાણવા સહિત અનેક નામી અનામી સમાજ શ્રેષ્ઠિ કેળવણી રત્નો રાજસ્વી અગ્રણી સાહિત્યકાર કવિ ઓ કર્મચારી ની વિશાળ ઉપસ્થિતિ માં વિદ્યાર્થી ઓને પ્રોત્સાહિત પુરસ્કારો થી સન્માનિત કરાયા હતા પ્રવીણભાઈ સેજુ અમૃત બોરીચા બાબુભાઈ બાજક ની ઉત્તમોત્તમ વ્યવસ્થા શકિત થી યોજાયેલ સમસ્ત ગુજરાત મારવાડી વણકર સમાજ વિદ્યાર્થી સન્માન સમારોહ સમગ્ર ગુજરાત ભર માંથી અસંખ્ય તાલુકા ઓ અને જિલ્લા ઓના શહેરી અને ગ્રામ્ય વિસ્તારો માંથી અગ્રણી ઓ વાલી ઓ ઉપસ્થિત રહ્યા

**વાહ કયા સીન હે..!**



**જેનીલ**

અમરેલીના પત્રકાર ભાવેશ વાઘેલાના પુત્રજેનીલ(જેનુબાબા) એ ૧૨ વર્ષ પુરા કરી ૧૩માં વર્ષમાં ધુબાકો માર્યો છે. આજે કેક કાપી સૌને મોં મીઠા કરાવશે તમે પણ આવજો.

### સુરજદેવળની જગ્યામાં વિકાસ અર્થે

## ૧૧ લાખનો ચેક અર્પણ કરતા શ્રી પાટીલ

**પાળીયાદના પુજ્યશ્રી ભયલુબાપુ, શ્રી બાબુભાઇ જેબલીયા સહિતની ઉપસ્થિતિ**



રાજુલા,(કનુભાઈ વરૂ)તારીખ ૧૫/૦૯/ ૨૦૨૪ ને રવિવારના રોજ સમસ્ત કાઠી ક્ષત્રિય સમાજના ઈષ્ટદેવ ભગવાન શ્રી સૂર્યનારાયણ મંદિર સૂરજદેવળ ખાતે ગુજરાત ભાજપના પ્રદેશ અધ્યક્ષ અને કેન્દ્રિય મંત્રી શ્રી સી આર પાટીલ દ્વારા રૂ (૧૧૦૦૦૦૦) અગિયાર લાખનો ચેક મંદિર માં અર્પણ કરાયો આ પ્રસંગે પાળીયાદ પૂજ્ય શ્રી વિસામણબાપુની જગ્યા ના પ્રેરક અને સંચાલક પૂજ્ય શ્રી ભયલુબાપુ, શ્રી બાબુભાઈ જેબલીયા રાષ્ટ્રીય મહામંત્રી શ્રી કિસાન મોરચા ભાજપ, તેમજ શ્રી સૂર્ય યુવા ગ્રુપ શ્રી પ્રતાપભાઈ ધાધલ શ્રી પ્રતાપભાઈ માલા શ્રી જયરાજભાઈ ખાચર શ્રી યુવરાજ ભાઈ ખવડ તેમજ શ્રી કાઠી ક્ષત્રિય આગેવાનો શ્રી મેરૂભાઈ ખાચર, શ્રી રામકુભાઈ ખાચર, શ્રી ભુપતભાઈ ખાચર, શ્રી પ્રદીપભાઈ ખાચર, શ્રી મંગળુભાઈ ખાચર, શ્રી વિકુભાઈ ખાચર, શ્રી રઘુભાઈ ખાચર, કોર્પોરેટર શ્રી રણજીતભાઈ વાંક, કોર્પોરેટર શ્રી સુરેન્દ્રભાઈ ખાચર, શ્રી સુરેશભાઈ વિકમા (CA) અને સૌ ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને સૌએ સમસ્ત કાઠી ક્ષત્રિય સમાજ વતી સી આર પાટીલ આભાર વ્યક્ત કર્યો હતો.

### ગુર્જર ક્ષત્રિય યુવક મંડળ દ્વારા

## સાવરકુંડલામાં તેજસ્વી તારલાઓનું સન્માન કરાશે

**તેજસ્વી તારલાઓને પ્રોત્સાહિત કરવા ભવ્ય આયોજન**

સાવરકુંડલા,સાવરકુંડલામાં શ્રી ગુર્જર ક્ષત્રિય યુવક મંડળ સાવરકુંડલા દ્વારા જ્ઞાતિના બાલમંદિર થી કોલેજ સુધીના તમામ તેજસ્વી વિદ્યાર્થી ભાઈઓ બહેનોને શૈક્ષણિક કારકિર્દી માટે પ્રોત્સાહિત કરવા માટે ૩૬ મો ઈનામ વિતરણ કાર્યક્રમ ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૪ રવિવારના રોજ બપોરના ૩:૦૦ કલાકે શ્રી કાનજી બાપુ ઉપવન,પારેખવાડી સાવરકુંડલા ખાતે યોજશે. જેમાં કન્યા ઉત્કર્ષ પુરસ્કારના દાતા સ્વ હીનાબેન વલ્લભભાઈ ગેડિયા હસ્તે પ્રવીણભાઈ તથા વિજયભાઈ છે જેમાં આ કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય પરમ પૂજ્ય સંત શ્રી વિજયબાપુ મહંત શ્રી સતાધાર ગુરુ શ્રી જીવરાજ બાપુ તથા શ્રી હસુબાપુ મહંત શ્રી માધાબાપુ ની જગ્યા સાવરકુંડલા ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓની સફળતા માટે આર્શીવાદ આપશે. જેમાં શ્રી ગુર્જર ક્ષત્રિય યુવક મંડળ જ્ઞાતિના વડીલો યુવાનો ઉપસ્થિત રહેશે.

## અમરેલી ઔદિચ્ય શાસ્ત્ર ઝાલાવાડી જ્ઞાતિનું ગૌરવ વધાર્યુ

**બીએએમએસમાં પ્રવેશ મેળવી ગૌરવ વધાર્યુ**



અમરેલી, અમરેલીના ડો. નિખિલેશ જાની ની સુપુત્રિ ચિ. વૃષ્ટીને લાઠી રોડ પર આવેલ વિદ્યાગુરૂ સાયન્સ વિભાગમાં ધો.૧૨ સાયન્સ પાસ કરી નીટની પરીક્ષામાં ઉતીર્ણ થયેલ.તાજેતરમાં અમરેલી ખાતે નેત્ર ચિકિત્સા આયુર્વેદિક કોલેજમાં બી.એ.એમ.એસ.માં પ્રવેશ મેળવેલ છે. તેથી જાની પરીવારમાં ખુશીની લાગણી વ્યાપી છે. વિધાગુરૂ સંસ્થાના નિયામક શ્રી મેહુલભાઈ , શ્રી અંકુરભાઈ ,શ્રી જતીનભાઈએ પણ શુભકામનાઓ પાઠવ્યાનું અરવિંદભાઈ જાની (જાનીદાદા)ની યાદીમાં જણાવાયું છે.

## એક પેડ મા કે નામ પહેલને અમરેલી જિલ્લામાં અપાર આવકાર : ૭૮,૧૫૭ વૃક્ષનું વાવેતર

**વૃક્ષારોપણ માટે લોકોએ ભારે ઉત્સાહ દાખવ્યો**

અમરેલી,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની પર્યાવરણ રક્ષણ પહેલ એક પેડ મા કે નામ અમરેલી જિલ્લામાં અપાર આવકાર મળ્યો છે. આ અભિયાન અંતર્ગત જિલ્લામાં અત્યાર સુધીમાં લોકોએ વૃક્ષારોપણ માટે ભારે ઉત્સાહ દાખવતા ૭૮,૧૫૭ વૃક્ષનું વાવેતરનું વાવેતર થયું છે.અમરેલી જિલ્લામાં સામાજિક વનીકરણ હેઠળ જિલ્લામાં ૧૬ નર્સરી ખાતે રોપાઓ ઉપલબ્ધ છે. વધુમાં વધુ નાગરિકોને રોપાઓ મેળવી એક પેડ મા કે અભિયાનમાં જોડાવવા અનુરોધ છે.

## દિલ્હી વડોદરા એક્સપ્રેસ-વેના કોન્ટ્રાકટરને રૂપિયા ૫૦ લાખનો દંડ

# અમરેલી જિલ્લા કોંગ્રેસના આગેવાન અને આહિર સમાજના મોભી શ્રી જીકારભાઇ વાઘનું નિધન

**અમરેલી જિલ્લા કોંગ્રેસ તેમજ આહિર સમાજના આગેવાનોએ ઉંડા દુઃખની લાગણી વ્યકત કરી**



રાજુલા,(કનુભાઈ વરૂ)અમરેલી જિલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ અને રાજુલા વિસ્તારના અગ્રણી આહિર સમાજના આગેવાન સ્વ. જીકારભાઈ વાઘ (યાદવ ટ્રાન્સપોર્ટ-પીપાવાવ પોર્ટ)નું દુઃખદ નિધન થયું અમરેલી જિલ્લા કોંગ્રેસના અગ્રણી હતા તેમજ આ વિસ્તારના આહીર યુવા આગેવાન હતા તેમના દુઃખદ અવસાન થી સમગ્ર વિસ્તારમાં આહીરસમાજમાં તથા કોંગ્રેસ ના કાર્યકરોમાં દુઃખની લાગણી વ્યક્ત થઈ છે આ નિર્મોહી અખાડા ના અધ્યક્ષ અને ૧૦૦૮ વૃંદાવન બાગના મહંત શ્રી શ્રી રાજેન્દ્ર બાપુ આહીર સમાજ ના પ્રમુખશ્રી બાઘા ભાઈ નાકરાભાઈ તથા જિલ્લા કોંગ્રેસ આગેવાન ટીકુભાઈ વરુ તથા પૂર્વ સાંસદ વીરજીભાઈ ઠુંમર તથા જેનીબેન ઠુંમર તથા જીકાર ભાઈ શ્રીજી વાળા તથા ગાંગાભાઈ હડિયા તથા જેવી કાસડ તથા માજી સરપંચ આતાભાઈ સરપંચ સનાભાઇ તથા સરપંચ માજી અરજણભાઈ કોવાયા તથા માજી તાલુકા પંચાયતના પ્રમુખ મીઠાભાઈ લાખણોત્રા તથા ભગવાનભાઈ વાઘ તથા ગાડાં ભાઈ કોવાયા તથા પૂર્વ નગરપાલિકાના પ્રમુખ ઘનશ્યામભાઈ લાખણોત્રા તથા નાયાભાઈ ગુજર તથા કાળુભાઈ પ્રોફેસર તથા માજી નગરપાલિકાના ઉપપ્રમુખ પૂર્વ કનુભાઈ ધાખડા તથા ચેતન દાદા વ્યાસ દુલાભાઈ શ્રીરામ રાજુલા તાલુકા કોંગ્રેસ રવિભાઈ સહિતના આગેવાનોએ શોક વ્યક્ત કર્યો હતો

## બાબરામાં વિશ્વ હિન્દુ પરીષદની બેઠક મળી

**વિશ્વ હિન્દુ પરીષદ અને બજરંગદળના વિવિધ આગેવાનોની ઉપસ્થિતિ**



બાબરા(દિપક કનૈયા),આજ રોજ તા.૧૫/૯/૨૦૨૪રવિવાર ના રોજ રાત્રી ના ૯:૦૦ કલાકે બાબરા નિલકંઠ મહાદેવ મંદિર (બ્રહ્મકુંડ) ખાતે વિશ્વ હિંદુ પરિષદ/બજરંગ દળ દ્વારા સષ્ઠીપૂર્તિ સમારોહ કાર્યક્રમ બેઠક યોજવામાં આવેલ જે બેઠક માં બાબરા ના સમસ્ત હિંદુ સંગઠનો/વિશ્વ હિંદુ પરિષદ/બજરંગ દળ/તથા બાબરા ના હિંદુ સમાજ ના યુવાનો ઉપસ્થિત રહ્યા હતા તથા અમરેલી થી વિશ્વ હિંદુ પરિષદ અધ્યક્ષ ઈતેશ ભાઈ મહેતા/તથા ડો.પંકજભાઈ ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા અને બેઠકમાં સૌ પ્રથમ દીપ પ્રાગટય કરી પ્રાસંગીક ઉદ્દભોદન માં કાર્યક્રમ માં પધાધારેલાં અધિકારીઓ નું ફુલહાર દ્વારા સ્વાગત કરવામાં આવેલ હતું મહેમાનો નું શાબ્દીક સ્વાગત કર્યા બાદ ઈતેષભાઈ મહેતા ડો.પંકજભાઈ ત્રિવેદી દ્વારા આ વિશ્વ હિંદુ પરિષદ સષ્ઠીપૂર્તિ સમારોહ કાર્યક્રમ નું મહત્વ સમજાવેલ તથા જણાવેલ કે વિશ્વ હિંદુ પરિષદ સંગઠન ના ૬૦ વર્ષ પૂર્ણ થયેલ હોય અને હિંદુ સમાજ અને રાષ્ટ્ર હિત માટે વાતો ની સમજ આપેલ હતી તથા ગજેન્દ્ર ભાઈ શેખવા એ તેઓના ઉદ્દભોદન માં જણાવેલ આગામી સમય માં બાબરા શહેર તથા તાલુકા ના યુવાનોને સંગઠન માં જોડી બજરંગ દળ ત્રિશુલ દીક્ષા નું આયોજન કરવાનું હોય સભ્ય નોંધણી ચાલુ કરવામાં આવેલ હતી તથા આ ટૂંકા સમય માં પધારેલા સમસ્ત હિંદુ સમાજ ના ભાઈઓ તથા સંગઠનો નો આભાર વ્યક્ત કરેલ.કાર્યક્રમ ને સફળ બનાવવા માટે ઈન્દ્રજીત ભાઈ ચૌહાણ બજરંગ દળ અધ્યક્ષ બાબરા.તથા.હરેશ ભાઈ ધોળકિયા બજરંગ દલ મંત્રી શ્રી બાબરા એ ખૂબ જહેમત ઉઠાવેલ હતી.

## હડાળામાં સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

**કુદરતી ઉપચાર દ્વારા કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની સેવા**



બગસરા, (રૂપેશ રૂપારેલિયા) તારીખ ૧૫/૯/૨૦૨૪ના રોજ વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ બગસરા ની પ્રેરણાથી અનુભૂતિ ટ્રસ્ટ ભાવનગર ના આર્થિક સહયોગથી વીર જવાન ચેરીટેબલ ટ્રસ્ટ હડાળા તથા જયોતિ મહિલા વિકાસ સંગઠન હડાળા આયોજિત કુદરતી ઉપચાર સર્વરોગ નિદાન સારવાર કેમ્પ નું આયોજન કરવામાં આવેલ તેમાં રાજકોટ થી ડો.હિતેશભાઈ પરમાર તથા ડો.કૃતિબેન પરમાર તથા અમદાવાદ થી ડો.સાક્ષીબેન સિંગલા આ કેમ્પમાં વિશ્વ વાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ ના મેનેજિંગ ટ્રસ્ટી દેવચંદભાઈ સાવલિયા તથા વીર જવાન ચેરીટેબલ ટ્રસ્ટ હડાળા ના પ્રમુખશ્રી પ્રફુલભાઈ દેવાણી તથા હડાળા ગામના સરપંચ શ્રી પુનાભાઈ પાઘડાળ ઉપસ્થિત રહ્યા હતા .આ કેમ્પમાં ૮૫ દર્દીઓ એ લાભ લીધો હતો. આ કેમ્પ ને સફળ બનાવવા માટે આયોજકો તેમજ ગામના સ્થાનિક યુવાનો એ ભારે જહેમત ઉઠાવી હતી.

### વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ બગસરા પ્રેરીત જ્યોતિ મહિલા વિકાસ સંગઠન દ્વારા

## બગસરામાં તેજસ્વી તારલાઓનું સન્માન કરાયું

**મહિલા મંડળના ૩૪ તેજસ્વી બાળકોને પ્રોત્સાહન અપાયું**



બગસરા, (રૂપેશ રૂપારેલિયા) વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ બગસરા પ્રેરીત, જ્યોતી મહિલા વિકાસ સંગઠન બગસરા દ્વારા, તારીખ ૧૪ સપ્ટેમ્બર ને શનિવાર નાં રોજ મહિલા મંડળ ની બહેનો ના તેજસ્વી તારલાઓ નો સન્માન સમારંભ યોજાય ગયો. જેમાં બગસરા શહેર માં ચાલતાં ૩૫ મહિલા મંડળ ના ૨૪ તેજસ્વી બાળકોને રાજયોગીની બ્રહ્મ કુમારી શ્રી રસિલાદીદી ના અધ્યક્ષ સ્થાને તથા અમરેલી જિલ્લા ના જાણીતા મહિલા અગ્રણી શ્રીમતી ભાવનાબેન ગોંડલિયા અને કોકિલા બેન કાકડિયા ના અતિથિ વિશેષ સ્થાને એક મહિલા સંવાદ અને વિધાર્થી સન્માન કાર્યક્રમ યોજાય ગયો. જેમાં બાળ કેળવણી માં માતા ની ભૂમિકા, મહિલા ઓ આત્મ નિર્ભર કેવી રીતે બની શકે? આપણી આધ્યાત્મિક શક્તિ ને ઉજાગર કરી, જીવન જીવવાનો આનંદ કેવી રીતે મેળવી શકાય? સામાજિક અને પારીવારીક પ્રશ્નો ઉકેલવા માટે ની સમજ કેળવવાની કેળવણી આપવાથી, એક તંદુરસ્ત સમાજ નું નિર્માણ થય શક્શે. આપણે આવતીકાલ નો સમાજ કેવો બનાવવો છે? તેનો આધાર બાળ કેળવણી છે. માત્ર અભ્યાસ લક્ષી શિક્ષણ આપવામાની જગ્યાએ જીવન ઘડતર ના શિક્ષણ ની ખાસ જરૂર છે, જે બાબતે મહિલા મંડળ ની બહેનો સામુહિક સહ ચિંતન કરી, બાળ માનસ નું ઘડતર કરતા થાય, તેવો પ્રયાસ કરવા સૌ ઉપસ્થિત મહાનુભાવો એ સુર વ્યક્ત કરેલ. આ કાર્યક્રમમાં સીનીયર સીટીઝન પરીવાર બગસરા ના પ્રમુખ શ્રી નિરૂપમા બેન વૈષ્ણવ, બાળ કેળવણી મંદીર બગસરા ના નિયામક શ્રી ભારતીબેન ધાંધીયા, જનતા કન્યા વિદ્યાલય ના આચાર્ય શ્રી શોભનાબેન શેખ, મહિલા સંગઠન ના પ્રમુખ શ્રી નિગમ બેન બૂચ, વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ બગસરા ના ટ્રસ્ટી શ્રી જયશ્રીબેન સાવલિયા વગેરે એ ૨૦૦ થી વધુ બહેનો ને જરૂરી માર્ગદર્શન આપી, ૨૪ બાળકો ને સન્માન પત્ર અને ઈનામો આપી બાળકો ને બીરદાવેલ. તેમજ બાળકો અને તેની માતાઓએ પોતાનો પ્રતિભાવ આપી, સંગઠન ની કામગીરી ને બિરદાવી હતી તેમ મહિલા સંગઠન ના મંત્રી શ્રી કવિતા બેન ડામોર ની એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ચલાલા ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનાં વિદ્યાર્થીઓએ ઇન્ટરનેશનલ લેવલે દ્વિતીય સ્થાન મેળવતા સન્માન



ચલાલા,

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનાં વિદ્યાર્થીઓ ઈન્ટરનેશનલ મેકફેર ૨૦૨૪ લખનઉમાં ઈન્ટરનેશનલ લેવલે દ્વિતીય સ્થાન મેળવતા સંસ્થાનાં વડા પુ.ડો.રતિદાદા, મહેશભાઈ મહેતા, આચાર્ય, શિતલબેન મહેતા અને સમગ્ર સ્ટાફ તથા હરિબા મહિલા કોલેજ અને ગાયત્રી સંસ્કાર વિદ્યાલય તથા સંસ્કૃત શક્તિ ગુરૂકુળ સહિતનાં ભાઈ, બહેનોને રેલી દ્વારા ભવ્ય સન્માન કર્યુ હતું.

## સમગ્ર મુસ્લિમ સમાજની પરંપરા અને આસ્થા મુજબ ઇદેમિલાદુનબી પર્વની શાનો શૌકતથી ઉજવણી

# અમરેલી જિલ્લામાં ઇદ પર્વે ઠેર ઠેર ઝુલુસ નિકળ્યાં

### વહેલી સવારે જિલ્લાભરમાં ઇદગાહ ખાતે ઇદની નમાઝ બાદ એકબીજાએ મુબારકબાદી પાઠવી

### ઠેર ઠેર રોશનીનાં શણગાર સાથે ઇદ અનુલક્ષીને વિરાટ ઝુલુસમાં મુસ્લિમ બિરદારો મોટી સંખ્યામાં જોડાયાં : ન્યાઝ સહિત અનેક કાર્યક્રમો સાથે ઉજવણી કરાઇ

### ઇદ પર્વ અને ગણેશ ઉત્સવને કારણે જિલ્લાભરમાં પોલીસે કડક બંદોબસ્ત જાળવ્યો : સુંદર વ્યવસ્થા

અમરેલી,

અમરેલી જિલ્લામાં ઠેર ઠેર ઈદેમિલાદુનબી પર્વની શાનો શોખતથી ઉજવણી કરવામાં આવી હતી. ઈદની નમાઝ બાદ એક બીજાને મુબારક બાદી પાઠવી હતી અને ઠેર ઠેર ઝુલુસમાં મુસ્લિમ બિરાદરો જોડાયા હતાં.

અમરેલી

અમરેલી શહેરમાં પરોઢીયે મસ્જીદોમાં નમાઝ અદા કરી મુસ્લિમ બિરાદરોએ ઈદેમિલાદુનબી નિમિતે મુહમીદ સાહેબને શ્રધ્ધાનાં પુષ્પો અર્પણ કર્યા હતાં અને ત્યાર બાદ શહેરમાં ભવ્ય ઝુલુસ કાઢવામાં આવ્યું હતું. ઠેર ઠેર મુસ્લિમ બિરાદરો દ્વારા શરબત, ફ્રુટ, નિયાઝ, ચણ વિતરણ સાથે સેવાકાર્યો કર્યા હતાં. અમરેલી ચાંદની ચોકમાં સદભાવનાં ગૃપનાં અજીજભાઈ અને નવાબભાઈ ગોરી દ્વારા ઝુલુસનું સ્વાગત કરવામાં આવ્યું હતું. દાદાબાપુ ચિસ્તી અને નિઝામબાપુની આગેવાનીમાં નિસારે હુસેન કમિટી અને સંધી સોસાયટી, મણીનગર, મીનીકસબા, કસબાવાડ, ખત્રીવાડ, બહારપરા, બટારવાડીમાં ડીજે સાથે શોભાયાત્રા નિકળી હતી. ઠેર ઠેર ન્યાજ સહિત કાર્યક્રમો યોજાયા હતાં. જેમાં હિન્દુ સમાજ અને મુસ્લિમ સમાજ ના જુદાજુદા જમાત વાળા એક સાથે જોવા મળ્યા હતાં.જેમા દાઉદી વ્હોરા સમાજ.શિયા ઈશનાઅસરી સમાજ.શિયા ઈસ્માઈલી સમાજ.જમીયત એ ઉલમા એ હિન્દ. તેમજ મદીના મસ્જિદ પાસે જમાત આગેવાનો જીમેદાર અને અલ સહારા ટ્રસ્ટ. અભિયાન ટ્રસ્ટ.સૌરાષ્ટ્ર લાઈફ લાઈન ટ્રસ્ટ.સદભાવ ગ્રુપ. મોબત ખપે ટ્રસ્ટ.કામિલ ચા વાળા અને મુસ્લિમ સમાજની તમામ સંસ્થાઓ જમાતના લોકો જુદા જુદા સ્થળે સ્ટેજ બનાવી અને દ્વારા દાદાબાપુ અને નિઝામબાપુ નુ સન્માન કરવામાં આવ્યું હતું.



જાફરાબાદ

જાફરાબાદમાં મુસ્લિમ સમાજ દ્વારા હુસેની ચોક– જુમ્મા મસ્જિદ– બંદર ચોક– લાઈટ હાઉસ રોડ તેમજ તુર્કી મફત પ્લોટ સુધી મુસ્લિમ સમાજ દ્વારા જુલુસ કાઢવામાં આવ્યું હતું. પોલીસે ચુસ્ત બંદોબસ્ત જાળવ્યો હતો.

બગસરા

બગસરામાં ઈદે મિલાદની મુસ્લિમ બિરાદરો દ્વારા આસ્થાભેર ઉજવણી કરાઈ જેમાં બહોળી સંખ્યામાં બિરાદરો ધર્મગુરુ જોડાયા હતા જેમાં બગસરા જુમ્મા મસ્જિદ થી આ ઝુલુસ નીકળ્યું હતું કુકાવાવ નાકા વિજય ચોક ગોંડલીયા ચોક શિવાજી ચોક આરબવાડ નદીપરા સહિતના મુખ્ય માર્ગો પર જુલુસ નીકળ્યા હતાં તેમ સમીર વિરાણીએ જણાવ્યું હતું.

સાવરકુંડલા

સાવરકુંડલામાં દાઉદી વોહરા સમાજ ના ધાર્મિક અને સામાજિક અગ્રણીઓની હાજરીમાં વોહરા યુવાનો દ્વારા બ્રાસ બેન્ડ અને ફોજી ડ્રેસમાં બુલેટ ઉપર સવાર યુવાનોનું વિશાળ જુલુસ શહેરના માર્ગો ઉપર ફર્યું હતું અને ઠેર ઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું, વોરા સમાજના અગ્રણીએ શાંતિનો સંદેશ પાઠવીને દેશના વિકાસ માટે દુવાઓ કરી હતી.

સાવરકુંડલામાં સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા જશ્ને ઈદે મિલાદદુંનબ્બી ની ઉજવણી આસ્થા ઉમંગ સાથે ઉજવાઈ છે અમરેલી, સાવરકુંડલા સહિત જિલ્લાભરના વિવિધ તાલુકા મથકો પર ઈદની ઉજવણીમાં શહેરોને સજાવવામાં આવ્યા છે. સૂફીસંત સરકાર દાદાબાપુ કાદરી ના જાનશીન સરકાર મુનીર બાપુ કાદરીની આગેવાનીમાં હજારોની સંખ્યામાં જુલૂસ સ્વરૂપે શહેરના રાજમાર્ગોપર નીકળતા હિન્દુ સમાજ દ્વારા પણ કોમી એખલાસના ભાવથી સરકાર સૈયદ મુનીરબાપુ કાદરીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

રાજુલા

રાજુલા ખાતે આજે સવારના નવ વાગ્યામાં ભવ્ય ઝુલાસ મુસ્લિમ ગેબનશા પીરની દરગાહેથી નીકળ્યું હતું. મેનબજાર પોલીસ ચોકી ટાવર ચોક બસ સ્ટેન્ડ હઠીલા હનુમાન થઈ એ ત વકલ નગરમાં પૂર્ણ થયું હતું રસ્તામાં ઠંડા પીણા ના સ્ટોલ બનાવ્યા હતા અને ઠંડા પીણા નો લાભ મળ્યો હતો આ ઝુલસમાં મુસ્લિમ સમાજના પ્રમુખ આરીફ ભાઈ જોખિયા તથા મુસ્લિમ સમાજના માજી પ્રમુખ જાફરભાઈ જોખ્યા તથા નાગરિક બેંકના ડિરેક્ટર રૂષભભાઈ ઓકિયા તથા મુસ્લિમ સમાજના માજી પ્રમુખ મહેબૂબભાઈ તથા રજૂ ભાઈ માસ્તર તથા નજીરભાઈ દલ તથા આસિફભાઈ મુની તથા શહેરના વિવિધ આગેવાનો ઉપસ્થિત રહ્યા અને ઝુલાસમાં જોડાયા હતા આમ રાજુલામાં પ્રથમ વખત મોટું ઝુલાસ નીકળ્યું હતું

### -:: જાહેર નોટીસ ::-

આથી આ જાહેર નોટીસથી જાહેર જનતાને જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના મોજે ખડકાળા ગામે આવેલ સ.નં.૧૩૭ પૈકી ૧ ની હેક્ટર ૬-૮૮-૯૮ આરે. ખાતા નં.૧૪૧ વાળી સીમની ખેતીની જમીન રેવન્યુ રેકર્ડમાં (૧) ખુમાણ ભનુબેન ભીમભાઇ (૨) ખુમાણ મનહરબેન ભીમભાઇ (૩) ખુમાણ રૂખડભાઇ ભીમભાઇ (૪) ખુમાણ મમતાબેન ભીમભાઇ (૫) ખુમાણ ઇલાબેન ભીમભાઇના નામથી નોંધાયેલ છે અને તેમના માલીકી હક્કમાં ચાલે છે. સદરહુ સીમની ખેતીની જમીન અમારા અસીલ ખરીદ કરવા માંગતા હોય, સદરહુ સીમની ખેતીની જમીન અંગે કોઇપણ બેંક, સંસ્થા કે વ્યક્તિનો કોઇપણ જાતનો હક્ક, હિત, હિસ્સો, ગીરો, કબજો, બક્ષીસ હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયે દિવસ-૧૦ માં અમો નીચે સહી કરનાર પાસે લેખીતમાં રજુ કરશો. જો સમય મર્યાદામાં કોઇના તરફથી કોઇ વાંધા તકરાર રજુ થશે નહી તો સદરહુ સીમની ખેતીની જમીન પરત્વે કોઇને વાંધા તકરાર છે નહી અને હોય તો તે સ્વેચ્છાએ જતા (WAVE) કરેલ છે તેમ માની અમારા અસીલ સદરહુ સીમની ખેતીની જમીનનો કાયદેસરનો અવેજ ચુકવી અમારા અસીલ વેચાણ દસ્તાવેજો સબરજીસ્ટ્રાર કચેરીમાં નોંધાવી કરાવી લેશે. ત્યાર બાદ કોઇના કોઇપણ જાતના વાંધા તકરાર રજુ થશે તો તે અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી જેની નોંધ લેશો.

તારીખ : ૧૬-૦૯-૨૦૨૪
અસીલના વહીવટકર્તાની સુચનાથી
શીરોળીયા લાલજી બી.

અસીલની સુચનાથી
દેવેન્દ્રભાઇ સી.ખંભોલીયા - એડવોકેટ
ફોરવર્ડ શોપીંગ સેન્ટર, દુકાન નં.૧૩, સિવીલ હોસ્પિટલ રોડ, અમરેલી મો.નં.૯૮૨૫૫ ૨૭૧૦૧

### ખેતીની જમીન / ડુંગરો / ખરાબોનો વેચાણ દસ્તાવેજ કરતા પહેલા

### જાહેર જનતાની જાણ માટે નોટીસ

આથી અમો નીચે સહી કરનાર લાવડીયા વિજયભાઇ ભોજરાજભાઇ, ઉ.વ.પુખ્ત, જાતે હિંદુ આહિર, ધંધો ખેતી, રહે.રાજકોટ, ઠે.૪૦૭-૧, રામેશ્વર પાર્ક, શેરી-૬, તા.જી.રાજકોટવાળા આથી લાગતા વળગતા તથા જાહેર જનતાને આ જાહેર નોટીસ દ્વારા જણાવવાનું કે, મોજે ખાંભા તાલુકાના નાનુડી ગામે આવેલ જમીન / ડુંગરો / ખરાબો જેના ખાતા નં.૫૦૯, તથા સર્વે નં.૨૭૧, જેના હે.આરે.ચો.મી. ૮-૨૬-૩૦, આકાર - ૪.૫૦ વાળી જમીન / ડુંગરો / ખરાબો જે (૧) ચાવડા વલ્લભભાઇ જીવરાજભાઇ (૨) (૧) ચાવડા જીણાભાઇ જીવરાજભાઇ (૩) (૧) ચાવડા કરશનભાઇ જીવરાજભાઇ (૪) (૧) ચાવડા ધનજીભાઇ જીવરાજભાઇ રહે.તમામ નાનુડી, તા.ખાંભા, જી.અમરેલી તથા ખાંભા તાલુકાના નાનુડી ગામે આવેલ ખેતીની જમીન જેના ખાતા નં.૨૧૫, તથા સર્વે નં.૨૫૩, જેના હે.આરે.ચો.મી. ૨-૮૩-૨૯, આકાર-૨.૦૫ વાળી જમીન / ડુંગરો / ખરાબો વોરા પરશોતમભાઇ ખોડાભાઇ રહે.નાનુડી, તા.ખાંભા, જી.અમરેલી વાળા પાસેથી અમો જાહેર નોટીસ આપનારે ઉપરોક્ત બંને ખાતા નંબર અને સર્વે નંબરવાળી જમીન / ડુંગરો / ખરાબો કાયમી વેચાણથી ઉપરોક્ત જમીન / ડુંગરો / ખરાબો ખરીદ કરવાનું નક્કી કરેલ, તે અંગે અમો વેચાણ રાખનાર યાને આ નોટીસ પ્રસિધ્ધ કરનાર આગામી દિવસમાં યોગ્ય રકમ આપીને બંને વેચનાર પાસેથી બાનાખત કરાવવાનું નક્કી કરેલ છે.

ઉપરોક્ત બંને સર્વે નંબરવાળી જમીન / ડુંગરો / ખરાબો અમો હાલના માલીકો પાસેથી કાયદેસરના વેચાણ દસ્તાવેજથી ખરીદ કરવા સોદો ચોક્કસ કરેલ છે. સદરહુ ઉપરોક્ત બંને સર્વે નંબરવાળી જમીન / ડુંગરો / ખરાબો સબંધે કોઇપણ વ્યક્તિનો કોઇપણ પ્રકારે કાંઇપણ લાગભાગ, હક્ક, હિત, હિસ્સો સમાયેલ હોય અગર તો સદરહુ જમીન / ડુંગરો / ખરાબો સબંધે કોઇપણ વ્યક્તિ કે સંસ્થા, નાણાકીય સંસ્થાનું અગર તો સરકારી, સહકારી બેંક, મંડળી વિગેરેનું કોઇપણ કોઇનું કરજ, લ્હેણુ, ગીરો કે અન્ય કોઇપણ પ્રકારે કોઇપણ લ્હેણુ, દેણ, માલીકી હક્ક, દાવો વિગેરે જે કાંઇ હોય તેઓએ તેમના તમામ લેખીત દસ્તાવેજી આધાર પુરાવા નોટરાઇઝ કરી કરાવી આ નોટીસ પ્રસિધ્ધ થયાથી દિન-૭ માં નીચેના સરનામે રજી.એડીથી પત્રથી અમોને મોકલી આપવા આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાહેર જનતાને જાણ કરીએ છીએ.

સમય મર્યાદામાં કોઇપણ વ્યક્તિ કે નાણાકીય સંસ્થા તરફથી કાંઇપણ કાયદેસરના વાંધા તકરાર રજુ કરવામાં કસુર થયે ઉપરોક્ત બંને સર્વે નંબરવાળી જમીન / ડુંગરો / ખરાબો ઉપર કોઇપણ વ્યક્તિનું કે સરકારી, સહકારી બેંક, મંડળીનું કાંઇપણ લ્હેણ, દેણ, માલીકી હક્ક દાવો નહી હોવાનું માની મુદત વિત્યે ઉપરોક્ત બંને સર્વે નંબરવાળી જમીન / ડુંગરો / ખરાબો નો કાયદેસરનો પાકો વેચાણ દસ્તાવેજ રજીસ્ટ્રેશન કરાવવા માટેની નિયમાનુસારની જરૂરી કાર્યવાહી અમો કરીશું. અને જમીન / ડુંગરો / ખરાબોનો કાયદેસરનો વેચાણ દસ્તાવેજ સબ રજીસ્ટ્રાર કચેરીશ્રી ખાંભામાં નોંધણી કરાવીશું અને મુદત વિત્યે આવેલ વાંધા તકરાર કે હક્ક દાવો અમો નોટીસ આપનાર યાને સદર જમીન / ડુંગરો / ખરાબો ખરીદનારને બંધનકર્તા રહેશે નહી જેની સર્વે જાહેર જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

તારીખ : ૧૭-૦૯-૨૦૨૪
પત્ર વ્યવહારનું સરનામું :-
લાવડીયા વિજયભાઇ ભોજરાજભાઇ
ઠે.રાજકોટ, ઠે.૪૦૭-એ, રામેશ્વર પાર્ક,
શેરી નં.-૬, તા.જી.રાજકોટ

જાહેર નોટીસ પ્રસિધ્ધ કરનાર
લાવડીયા વિજયભાઇ ભોજરાજભાઇ
ઠે.રાજકોટ, ઠે.૪૦૭-એ, રામેશ્વર પાર્ક,
શેરી નં.-૬, તા.જી.રાજકોટ

શ્યામ
આંખની હોસ્પિટલ
ડૉ. કપિલ બી. વરૂ
એમ.એસ. (ઓપ્થેલ.)
ફેલો મેડિકલ રેટિના
મોતિયા, ઝામર અને પડદાના રોગોના નિષ્ણાંત
: મેઈન બ્રાન્ચ :
સફારી પ્લાઝા, બીજો માળ,
એંજલ સિનેમાની સામે, માણેકપરા,
અમરેલી. મો. ૮૭૫૮૫ ૩૫૦૦૦
: અન્ય બ્રાન્ચ :
: બાબરા :
ઝાફરી કોમ્પ્લેક્ષ, નાના બસ સ્ટેશન, અમરાપરા રોડ,
બાબરા. મો. ૮૨૩૮૩ ૦૬૦૦૦
: ધારી :
ખોડીયાર કોમ્પ્લેક્ષ, પટેલ વાડી ગેટની સામે,
અમરેલી રોડ, ધારી. મો. ૮૨૩૮૩ ૦૭૦૦૦
: રાજુલા :
શિવશક્તિ શોપીંગ, બેન્ક ઓફ બરોડાની પાસે,
કોહિનુર હોટલની સામે, જાફરાબાદ રોડ,
રાજુલા. મો. ૭૪૩૪૮ ૦૮૦૦૦
: સાવરકુંડલા :
રિધ્ધિ સિધ્ધિ કોમ્પ્લેક્ષ, તાલુકા પંચાયત ઓફિસની સામે,
મહુવા રોડ, સાવરકુંડલા. મો. ૮૨૩૮૬ ૦૯૦૦૦

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
કોઈપણ ઉમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

શ્રી રાઘવેન્દ્ર મલ્ટિ-સ્પેશ્યાલીટી હોસ્પિટલ
SHREE RMS HOSPITAL
કેરીયા રોડ, રેલ્વે અંડર બ્રીજ પાસે, અમરેલી. ફોન : ૦૨૭૯૨ ૨૨૯૫૮૦ | ૨૩૩૫૮૦
મો : ૬૩૫૩૧ ૧૩૦૭૨
• ઈન્ફર્ટીલીટી (વ્યંધત્વ)ની તપાસ, તથા પુરૂષ/સ્ત્રી બીજની સારવાર, અંડકોષની સારવાર.
• ગર્ભાશયની ખામી માટેની થતી દુરબીનથી તપાસ તથા સારવાર, IUI.
• 2D અને 3D સોનોગ્રાફી તથા બાળકની ખોડખાંપણની તપાસ.
• નોર્મલ તથા જોખમી (હાઈ રીસ્ક પ્રેગનેન્સી) પ્રસુતિની સારવાર.
• લેપ્રોસ્કોપી (Striker) (દુરબીન દ્વારા) કોથળી અને અંડાશયના ઓપરેશનની સુવિધા.
• ટાંકાવાળા તથા ટાંકા વગરનાં ગર્ભાશયની કોથળી તથા અંડાશયના ઓપરેશનની સુવિધા.
ડો.કેવલ આર.પંડયા
(M.B.,D.G.O.)
એડવાન્સ લેપ્રોસ્કોપી, સોનોગ્રાફી તથા ઇન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ

જવાહર નવોદય & સૈનિક સ્કૂલ
તાલીમ વર્ગ – અમરેલી
ધોરણ 3,4,5,6,7,8 માટે પ્રવેશ શરૂ
ફુલ ડે સ્કૂલ સાથે કલાસ
નવોદય • જ્ઞાનશકિત સ્કૂલ • સૈનિક સ્કૂલ • રક્ષાશકિત સ્કૂલ • સ્કૂલ • મોડેલ સ્કૂલ • હોસ્ટેલ • CM સ્કોલરશીપ
એડમીશન માટે
રોહિત જોષી
94294 33031
90676 06698
આપના બાળકનું એડમિશન કોઈપણ જગ્યાએ કરાવતા પહેલા એક મુલાકાત અવશ્ય લો...
લાઠી રોડ બાયપાસ ચોકડી પાસે, હ્યુન્ડાઈ શો–રૂમ પાછળ, ગુરૂદત્ત પેટ્રોલપંપ સામે, અમરેલી.

શુ તમે ડ્રાઇવિંગ ટેસ્ટમાં પાસ નથી થાતા ?
તો અમો લઇ આવ્યા છે અતિ આધુનિક ડ્રાઇવિંગ પ્રેક્ટીસ ટ્રેક, જેમા ડ્રાઇવિંગ લાયસન્સની ટ્રાય આપ્યા પહેલા પણ ભુલ ન થાય તેમજ આર્થીક નુકશાન ન થાય તે માટેનો આર.ટી.ઓ.નો સેમટુસેમ ટ્રેક
લાયસન્સ, વિમો, નંબર પ્લેટ, નામ ટ્રાન્સફર, પી.યુ.સી.
RTO એડવાઇઝર
સોનપાલ ફોર-વ્હીલ એન્ડ ટુ-વ્હીલ પ્રેક્ટીસ ટ્રેક
મો.૯૫૫૮૭ ૯૯૯૯૯, ૮૭૩૫૦ ૧૯૯૯૯
નવા અમરેલી - બાબરા બાયપાસ હાઇવે રોડ, અમરેલી

Hero
આ તહેવારોના શુભ અવસરે આપનું મનપસંદ હીરો ટુ-વ્હીલર ખરીદો
આકર્ષક ઑફર સાથે...
હીરોની સાથે બને દરેક તહેવારોશુભ
GIFT Grand Indian Festival of Trust
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, નવનીત ટાયર્સની બાજુમાં, સ્ટેશન રોડ, અમરેલી
મો.+૯૧ ૯૨૮૯૯ ૨૨૨૫૪ navnit@heromotocorp.biz

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી
Appointment Now M.8238599299
અરોમા પ્રિમીયમ બોડી સ્પા
AROMA PREMIUM BODY SPA
લેડીઝ માટે Rs.699/- કપલ માટે Rs.1299/-
ભાઈઓ માટે એક સાથે એક ફ્રિ
એપોલમેન્ટ માટે- M.8238599299
સરદાર કોમ્પલેક્ષ, કૈલશ મુકતીધામ સામે, કેરીયારોડ, બાયપાસ ચોકડી પાસે, - અમરેલી

ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર
Dream Family spa Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા
ભાઈઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ
અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.
Appointment Now Mo.8160832025
પ્રોફેશનલ ફેમિલી સ્પા
Since : 2018 (7 વર્ષ જુનુ)
લેડીઝ માટે Rs.799/- કપલ માટે Rs.1399/-
PROFESSIONAL spa
ભાઈઓ માટે એક સાથે એક ફ્રી
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા–લીલીયા રોડ બાયપાસ.
એપોઈન્ટમેન્ટ માટે : Mo.70169 65665

ટીપટોપ પ્લાઝા, 'રાજકમલ ચોક' અમરેલી
પ્રસંગ તમારો, આંગણીયું અમારૂ
બોનાન્ઝા બેન્કવેટ
કલાપી બેન્કવેટ
ગુલમહોર ફંકશન હોલ
લગ્ન માટે • સંગીત-સંધ્યા • ચાંદલાવીધી • રીસેપ્શન • બર્થ-ડે-પાર્ટી • શ્રીમંતવીધી • ઓરકેસ્ટ્રા પ્રોગ્રામ • માતાજીના ભજન • ડાયરો મુંડન-સંસ્કાર • નાટક • સ્કુલ એન્યુઅલ ફંકશન • કંપની કોર્પોરેટ ડીસ્ટ્રીબ્યુટર મીટીંગ • એવોર્ડ ફંકશન • બેસણું • પ્રાર્થનાસભા
તેમજ નાના-મોટા શુભપ્રસંગો માટે ૭૦ થી ૨૫૦ લોકોની કેપેસીટી સુધી આધુનિક સગવડતાઓ સાથે - એસી ફંકશન હોલ, બેન્કવેટ હોલનું બુંકીંગ ચાલુ છે.
સંપર્ક : પિનાકીન ચિત્તલીયા
મો.૯૮૨૦૦ ૨૮૦૦૪, ૮૩૫૬૮ ૪૯૧૯૩

સ્પે.કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન
કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ
પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફલાઇટ બુકિંગ • વિઝા
મિથ્સ હોલીડેઝ
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગ્રાઉન્ડ ફલોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી

ગુજરાત સરકાર

સ્વચ્છ ભારત
એક કદમ સ્વચ્છતા તરફ

**સ્વચ્છતા હી સેવા ૨૦૨૪**
૧૭ સપ્ટેમ્બર-૩૧ ઓક્ટોબર ૨૦૨૪

**સ્વભાવ સ્વચ્છતા - સંસ્કાર સ્વચ્છતા**

# ગુજરાતભરમાં યોજાશે **સેવા, સ્વચ્છતા** અને **પર્યાવરણ** રક્ષણના ત્રણ અભિયાન



## સ્વચ્છતા હી સેવા અભિયાન

૧૭ સપ્ટેમ્બર થી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૪

**૧૦મુ સ્વચ્છતા હી સેવા અભિયાન-૨૦૨૪**

સફાઈ-સ્વચ્છતાની શ્રેષ્ઠતા માટે
જિલ્લા-તાલુકા-ગ્રામ્ય કક્ષાએ
**₹૩૪.૮૦ કરોડ**ના **૨૨૨ પુરસ્કારો** અપાશે

સમૃદ્ધ સમાજનો આધાર, સ્વચ્છતા એકમાત્ર નિર્ધાર



## સેવા સેતુ કાર્યક્રમ

તા. ૧૭ સપ્ટેમ્બરથી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૪

**નાગરિકોને ઘરઆંગણે સરકારી સેવાઓ મળી રહે, તે માટે તમામ ગામો-શહેરોમાં કાર્યક્રમો**

**સેવા સેતુ કાર્યક્રમમાં** વિવિધ વિભાગોની **૫૫ સેવાઓ** પૂરી પાડવામાં આવશે

જનતા-સરકાર વચ્ચે વિશ્વાસનો સેતુ



વડાપ્રધાનશ્રીનો સંકલ્પ
"एक पेड़ माँ के नाम"
જન-જન સુધી પહોંચશે

માનનીય મુખ્યમંત્રી
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**ની
ઉપસ્થિતિમાં
ગાંધીનગર ખાતેથી
ખાસ ઝુંબેશનો
પ્રારંભ

